આજનો સુવિચાર

સુખી થવું હોય તો બીજાનું સુખ સહન કરતા શીખી લેવું

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૨૫ જૂનાગઢ તા. ૩-૦૯-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


### આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું વિસ્તરણ કરાશે

## હવે મધ્યમવર્ગનાં લોકોને પણ રૂા.પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે મળશે

નવી દિલ્હી, તા.૩

આરોગ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર પોતાની આરોગ્ય વિમા યોજના 'આયુષમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું વિસ્તરણ કરીને નવા લાભાર્થીઓને નહીંવત પ્રીમીયમથી સેવાનો લાભ આપવા અંગે વિચારી રહી છે. વડાપ્રધાન મોદી દ્વારા ૨૦૧૮માં લોંચ થયેલ આ યોજના અત્યારે ગરીબ અને નબળા વર્ગના લોકો માટે અમલી છે અને તેના હેઠળ ૧૦.૭૪ કરોડ પરિવારોને પાંચ લાખ રૂપિયાનું વીમા કવચ મળે છે. વડાપ્રધાન મોદી દ્વારા ૨૦૧૮માં લોંચ થયેલ આ યોજના અત્યારે ગરીબ અને નબળા વર્ગના લોકો માટે અમલી છે અને તેના હેઠળ ૧૦,૭૪,૦૦,૦૦૦ પરિવારોને ૫ લાખ રૂપિયાનું વીમા કવચ મળે છે. એક ઉચ્ચ સરકારી અધિકારીએ ઓળખ નહી આપવાની શરતે કહ્યું કે અમે આ યોજનાને વધુ મજબૂત બનાવીને જરૂરિયાતમંદ બધા લોકોને આ યોજનાનો લાભ મળે તેવી પ્રક્રિયા ઉપર કાર્ય કરી રહ્યા છીએ.

## આવતીકાલે દુબઈમાં ભારત-પાક હાઈવોલ્ટેજ ક્રિકેટ જંગ

નવી દિલ્હી તા.૩

હોંગકોંગ ઉપર પાકિસ્તાનની જીત બાદ એશિયા કપના સુપર ૪ સ્ટેજનું શેડ્યૂલ નકકી થઈ ગયું છે. બાબર આઝમની ટીમે શુક્રવારે હોંગકોંગ સામે ૧૫૫ રને શાનદાર જીત મેળવીને આગલા રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. ભારત, અફઘાનિસ્તાન અને શ્રીલંકા સુપર ૪માં પાકિસ્તાન પહેલા ક્વોલિફાય થઈ ગયા છે. બીજી તરફ, બાંગ્લાદેશ અને હોંગકોંગને પ્રથમ ચરણમાં ટૂર્નામેન્ટમાંથી બહાર થવું પડ્યું છે. કારણ કે તેઓ એક પણ મેચ જીતવામાં નિષ્ફળ રહ્યા હતા. ગ્રુપ Aમાંથી ભારત અને પાકિસ્તાન સુપર ૪ માટે ક્વોલિફાય થયા છે, જયારે ગ્રુપ Bમાંથી અફઘાનિસ્તાન અને શ્રીલંકા આગળના તબક્કામાં પહોંચી ગયા છે. ભારત અને અફઘાનિસ્તાન ગ્રુપ સ્ટેજમાં અપરાજિત રહ્યા છે. સુપર ૪ની ચાર ટીમોના નામ કલીયર થયા બાદ ફાઈનલ શેડ્યૂલ પણ સામે આવી ગયું છે. આ તબક્કામાં તમામ ટીમોએ રાઉન્ડ રોબિન આધારે દરેક ટીમ સામે એક મેચ રમવાની રહેશે. સુપર ૪માં પ્રથમ મેચ શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચે આજે રમાશે, જયારે ભારત તેની પ્રથમ મેચ આવતીકાલ તા. ૪ સપ્ટેમ્બરે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે રમશે. આ મેચની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે.

## કોંગ્રેસનાં ત્રણ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું

ગાંધીનગર તા.૩

ચૂંટણી નજીક આવે એટલે પક્ષપલ્ટાની મૌસમ ખીલી ઉઠે છે. આ પરંપરા ગુજરાતમાં તો જાણે વર્ષોથી કોંગ્રેસ નિભાવી રહી છે. હવે વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્રના ૩ કોંગ્રેસના ધારાસભ્યો પાટલી બદલવાની તૈયારીમાં હોવાની રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે. જેમાં ધોરાજી-ઉપલેટાના લલિત વસોયા, જામજોધપુરના ચિરાગ કાલરિયા અને વિસાવદરના હર્ષદ રિબડીયાનો સમાવેશ થાય છે. મીડીયા સાથે આ ત્રણેય ધારાસભ્યો સાથે વાત કરી તો ત્રણેયે આ અંગે નનૈયો જ ભણ્યો હતો. વસોયાએ જણાવ્યું હતું કે, જઈશ તો ડંકાની ચોટે જઈશ. જ્યારે કાલરિયાએ ચૂંટણી આવે ત્યારે મારૂ નામ ઉછાળવામાં આવે છે તેવું અને હર્ષદ રિબડીયાએ ૭ વર્ષથી મારા નામની અફવા ચાલતી હોવાનું જણાવ્યું હતું. સૌથી જૂની ગણાતી કોંગ્રેસ પાર્ટીમાં છેલ્લા કેટલાક સમયથી ઘણી નવા-જૂની થઈ રહી છે. પાર્ટી જેટલી જૂની છે તેટલો જ તેનો અનુભવ અને અનુમાન પણ ઘણીવાર સચોટ રહે છે. પરંતુ લાલચ, અપેક્ષા અને મહત્વકાંક્ષાને લઈને કેટલાક કર્મનિષ્ઠ કહેવાતા કાર્યકરો અને નેતાઓ પણ સમય આવે પક્ષપલ્ટુ થઈ રહ્યા છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે તો બીજી તરફ નેતાઓની પાર્ટી બદલવાની મૌસમ પણ પૂરબહારમાં ખિલી રહી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રમાં હાલ કોંગ્રેસના ૭ કદાવર ધારાસભ્યો પક્ષ પલ્ટો કરી ભાજપમાં જોડાઈ તેવી ચર્ચા રાજકીય ક્ષેત્રે ચાલી રહી છે.

## રૂા.પાંચ કરોડથી વધુની જીએસટી ચોરીનાં કેસમાં ફોજદારી કાર્યવાહી થશે

નવી દિલ્હી તા.૩

વન નેશન-વન ટેકસનો કાયદો લાગુ પડયાના પાંચ વર્ષ પછી પણ જીએસટી ફુલપ્રુફ બની શક્યુ નથી અને નવા-નવા કૌભાંડ ખુલ્લા પડી રહ્યા છે ત્યારે હવે પાંચ કરોડથી અધિકની જીએસટી ચોરીમાં આકરી કાર્યવાહી કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. નાણા મંત્રાલય દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે ટેકસચોરી અથવા ખોટી રીતે ઈનપુટ ટેકસ ક્રેડીટનો લાભ મેળવાયાના કિસ્સાઓમાં રકમ પાંચ કરોડથી વધુ હોય તો ટેકસ અધિકારીઓ આકરી કાનુની કાર્યવાહી કરી શકે છે. જોકે, કરદાતની તપાસ દરમ્યાન જ કરદાતાની ધરપકડ થઈ ગઈ હોય તેવા કિસ્સામાં આ નિયમ લાગુ નહીં પડે. જીએસટી ઈન્વેસ્ટીગેશન વિભાગને નવી માર્ગદર્શિકા આપવામાં આવી છે. ટેકસચોરીના પર્યાપ્ત પુરાવા હોય તો જ કરદાતા વિરૂધ્ધ કાનૂની કાર્યવાહી થઈ શકશે તેવું પણ સ્પષ્ટ કરાયુ છે. નવી માર્ગદર્શિકા અંતર્ગત ટેકસચોરી, કૌભાંડ કે બોગસ આઈટીસીના કિસ્સામાં રકમ પાંચ કરોડથી વધુ હોય તો જ કાનૂની કાર્યવાહી કરવાની રહેશે. કાનૂની કાર્યવાહી કરવા કૌભાંડની ગંભીરતા, પુરાવાને ધ્યાને લેવાના રહેશે અને ત્યારબાદ જ કેસ કરવાનો આખરી નિર્ણય લેવાનો રહેશે.

## ગુજરાત વિકાસનું આદર્શ મોડલ - ભારત સમગ્ર વિશ્વનું ગ્રોથ એન્જીન બની ગયું છે : પીયુષ ગોયેલ



(એસ. આઈ. બુખારી)

જૂનાગઢ તા.૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે આવે ગણતરીનો સમય બાકી રહ્યો છે ત્યારે રાજકીય પક્ષોનાં નેતાઓની ગુજરાતની અવર-જવર વધીગઈ છે. આજે કેન્દ્રીય વાણીજય અને ટેકસટાઈલ મંત્રી પીયુષ ગોયેલ જૂનાગઢની મુલાકાતે આવી પહોંચ્યા હતા. જૂનાગઢમાં હોટલ સરોવર પોર્ટીકો ખાતે પીયુષ ગોયેલે પત્રકાર પરીષદને સંબંધોન કર્યું હતું. જેમાં તેમણે જૂનાગઢ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની વિકાસગાથા વર્ણાવી હતી. તેમણે કહ્યું કે, જૂનાગઢ એક પ્રખ્યાત પર્યટન સ્થળ અને તીર્થસ્થાન છે. જેને રોપ-વે તેમજ ગિર વિસ્તારથી ખૂબ જ પ્રોત્સાહન મળી રહ્યું છે. ગુજરાત ડેવલોપમેન્ટનું મોડલ છે. જેનું અનુકરણ સમગ્ર દેશમાં કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજયમાં રહેલી ભાજપની સરકારોએ વિકાસની તમામ તકો પુરી પાડી છે અને આજે સમગ્ર ગુજરાતમાં વિકાસની લહેર જોવા મળી રહી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારનાં માર્કેટીંગ યાર્ડ એક નમુનારૂપ છે. જે ખેડૂતો અને વેપારીઓ વચ્ચે મધ્યસ્થિનું કામ કરે છે. ગુજરાતમાં ખેડૂતોની આવક વધી છે, વડાપ્રધાને રૂા.૧ લાખ કરોડનું કૃષિ ફંડ ફાળવ્યું છે. એટલું જ નહીં ભારતમાંથી રૂા.૫૦ હજાર કરોડની નિકાસ થઈ છે. જેને વધારીને રૂા.૧ લાખ કરોડનો નિકાસ લક્ષ્યાંક કરવામાં આવ્યો છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન(WTO)ની બેઠકમાં પણ વિશ્વનાં દેશોને ભારત પોતાની વાત મનવવામાં સફળ રહ્યું છે. સમાજનાં પ્રત્યેક વર્ગનો વિકાસ અને સમૃધ્ધિની દિશામાં આપણે કાર્ય કરી રહ્યા છે. આજે સમગ્ર દેશમાં એક આત્મવિશ્વાસ જાગ્યો છે કે આત્મનિર્ભર બનવું છે. આજે ભારત સમગ્ર વિશ્વનું ગ્રોથ એન્જીન બની ગયું છે. વિશ્વનાં દેશો ઈચ્છે છે કે, ભારત સાથે સંબંધો અને વેપાર વધારવામાં આવે. ગુજરાતએ છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં અસીમ પ્રગતિ કરી છે અને આગામી વર્ષોમાં પણ આ પરંપરા ચાલુ રહેશે અને ભારતની પ્રગતિને પણ વેગ મળશે તેમ પીયુષ ગોયેલે જણાવ્યું હતું. ભારત હવે વિકસીત દેશ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આગામી ૮ વર્ષમાં ભારતની વર્તમાન નિકાસ ૩ ગણી થઈ જશે તેવો નિર્ધાર પીયુષ ગોયેલે વ્યકત કર્યો હતો.

## વસ્તી નિયંત્રણ કાયદો બનાવવા અંગે સુપ્રિમ કોર્ટે સરકારને નોટીસ આપી

નવી દિલ્હી તા.૩

દેશમાં વસ્તી નિયંત્રણ માટે કાયદો બનાવવાની માંગ કરતી અરજી ઉપર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ આપતાં હવે સરકાર શું જવાબ આપે છે તેના ઉપર સૌની નજર છે. આ પહેલાં પણ આ માગણ કરતી અરજીઓ થઈ છે. સુપ્રીમ કોર્ટે આ તમામ પેન્ડિંગ અન્ય અરજીઓને જોડી દીધી છે. આ પહેલાં મોદી સરકારે કહેલું કે, વસ્તી નિયંત્રણનો કાયદો લાવવા માટે વિચારણા કરવામાં આવી રહી નથી. અલબત્ત હવે સંજોગો બદલાયા છે એ જોતાં મોદી સરકાર પોતાનું વલણ બદલી શકે છે.

## દિવાળી સુધીમાં સોનાનાં ભાવ રૂા.૪૬ હજાર થઈ જવાની ધારણા

નવી દિલ્હી તા.૩

દેશમાં હવે તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ છે. દેશમાં તહેવારોની સિઝન ગણેશ ચતુર્થીથી શરૂ થાય છે. તહેવારોની સિઝનમાં સોનું ખરીદવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ જ કારણ છે કે ઘણા લોકો હવે સોનું ખરીદવાની યોજના બનાવી રહ્યા છે. પરંતુ, લોકોના મનમાં કિંમતોને લઈને પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં સોનાચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. હવે દરેકના મનમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે દિવાળી અને ધનતેરસ સુધી સોનાના ભાવ ઘટશે કે વધશે. ગયા વર્ષે ધનતેરસ પર ૨૪ કેરેટ શુદ્ધ સોનાની કિંમત ૫૬,૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. શુક્રવારે દિલ્હી બુલિયન માર્કેટમાં સોનાનો ભાવ ૫૦,૭૨૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ ઉપર બંધ થયો હતો. આ રીતે ગત ધનતેરસની સરખામણીએ સોનાના ભાવમાં ઘણો ઘટાડો થયો છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર બુલિયન માર્કેટમાં સોનાની કિંમત ૪૬,૦૦૦ રૂપિયા સુધી લપસી નીચે જઈ શકે છે. અત્યારે વૈશ્વિક અને સ્થાનિક બજારમાં એવું કોઈ પરિબળ દેખાતું નથી જે સોનાના ભાવને ટેકો આપે. અગાઉ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને કારણે સોનાના ભાવમાં વધારો થયો હતો પરંતુ હવે આ તણાવની અસર પણ દૂર થઈ ગઈ છે.

## કોરોના વેકિસનનાં ત્રણ ડોઝ લેનાર વ્યકિત ઓમીક્રોન વેરીએન્ટથી સુરક્ષીત રહેશે

નવી દિલ્હી તા. ૩

કોવિડ- ૧૯ વેક્સિનના ત્રણેય ડોઝ લેનાર વ્યક્તિ, બે ડોઝ લેનારા વ્યક્તિની સરખામણીમાં ઓમિક્રોન વેરિએન્ટથી વધારે સુરક્ષિત છે. તેમણે સંક્રમિત થવાનું જોખમ ઓછુ છે. હાલમાં જ એક સંશોધનમાં થયેલા ખુલાસામાં આ વાત સામે આવી છે. જેમાં વેકસિનના ત્રણ ડોઝ લીધેલા લોકો ઉપર ઓમિક્રોન વેરિએન્ટ થવા ઉપર હોસ્પિટલમાં ભરતી થવાનો ખતરો ઓછો છે. PLOS Medicine જર્નલમાં પ્રકાશિત અધ્યયનમાં ખબર પડી છે કે, બે વેક્સિનના ડોઝ SARS-CoV-2 સંક્રમણની વિરૂદ્ધ ફક્ત સીમિત અને અમુક સમય માટે સુરક્ષા આપે છે. Statens Serum Institute કોપેનહેગનમાં શોધકર્તામાં મળેલા એગ્રમોસ ગ્રામે કહ્યું કે, અમારા નિષ્કર્ષ બતાવે છે કે સંક્રમણથી લાંબા સમય સુધી સુરક્ષા બનાવી રાખવા અને ઓમિક્રોન વેરિએન્ટથી સંક્રમિત થવા ઉપર ઉચ્ચસ્તરની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ત્રીજો ડોઝ જરૂરી છે.


## તા. ૫ સપ્ટેમ્બરથી કોંગ્રેસની ભારત જોડો યાત્રાનો પ્રારંભ

નવી દિલ્હી તા.૩

રાહુલ ગાંધીની સાથે કોંગ્રેસની પાંચ મહિનાની 'ભારત જોડો યાત્રા'માં ૧૧૭ નેતાઓ સામેલ થવાના છે. ૩૫૭૦ કિમીનું અંતર કાપવા માટે તૈયાર કરાયેલી આ યાદીમાં મોટાભાગના નેતાઓ ૩૦-૪૦ વર્ષની વય જૂથના છે. આ યાત્રા ૭ સપ્ટેમ્બરે કન્યાકુમારીથી શરૂ થશે જે કાશ્મીર સુધી જશે. આ દરમ્યાન નેતાઓ વિવિધ વિસ્તારોમાં ફરશે અને લોકો સાથે વાત કરશે. કોંગ્રેસના નેતાઓ ભારત જોડો યાત્રાને લઈને ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.


ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

નોબલ ટાઉનશીપ
જૂનાગઢ
ટેનામેન્ટ બનાવતા બિલ્ડરો માટે ખાસ સ્કીમ માટે મળો
૧૦૦ ચો.વાર પ્લોટનાં માલીક બનો....
મો. ૯૯૭૮૯ ૨૯૩૩૩
સંપર્ક : નોબલ ટાઉનશીપ
વંથલી રોડ, હરીઓમ એપાર્ટમેન્ટ પાસે, વિનાયક ગ્રીન સામેનો રોડ, જૂનાગઢ

પ્લોટ વેચવાનો છે
જૂનાગઢનાં મધુરમ વિસ્તારમાં સ્વપ્નલોક ટાઉનશીપમાં ૧૬૭ વારના બે પ્લોટ વેચવાના છે તદન વ્યાજબી ભાવમાં તેમજ કિરણ એસ્ટેટમાં ગોડાઉન ભાડે આપવાનું છે ખામધ્રોળ રોડ ઉપર
:: સંપર્ક ::
૯૮૨૫૫ ૧૬૦૫૧ / ૭૮૭૮૭ ૯૭૧૭૧

ડુપ્લેક્ષ વેચવાનું છે
અદ્યતન ફર્નિચર સાથે ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે. ચાર મોટા બેડરૂમ, એક મોટો sitting રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, મોટું રસોડું કમ ડાઈનિંગ, સ્વતંત્ર બોર, ઉત્તરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબ ફકત આઠ વર્ષનું નવું અદ્યતન બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ફુલ ફર્નિચર સાથે વ્યાજબી ભાવે ડુપ્લેક્ષ મકાન વેચવાનું છે.
સંપર્ક : મો.૯૯૨૪૭ ૨૪૮૬૧

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
ભાવસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૯૯૯૮
નક્ષત્ર - જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ રાચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ૐ ઉપચાર કેન્દ્ર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પલેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


C M Y K

# ગુજરાતમાં નાળિયેરીના વાવેતર અને ઉત્પાદનને વેગ મળશેઃ નાળિયેરી આધારિત ઉદ્યોગોનો વિકાસ થશે : કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર

## કેન્દ્ર સરકાર દ્વારા નાળિયેર વિકાસ બોર્ડની કચેરી અપાતાં ગુજરાતના નાળિયેર પકવતા ખેડૂતો વતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર માનતા કૃષિમંત્રી






જૂનાગઢ, તા.૩

"વિશ્વ કોકોનેટ ડે"ના કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરદ્વારા રાજયકક્ષાની છઠ્ઠી કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડ ઓફીસનું લોકાર્પણ જૂનાગઢ ખાતે કરાયુ હતું. ગુજરાતમાં કોકોનેટ બોર્ડની પ્રથમ રાજ્ય કક્ષાની કચેરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય મંત્રીએ વિશ્વ નાળિયેર દિવસ પર કોચી, કેરળ ખાતે ખેડૂતોને સંબોધિત કર્યા હતા. બાદમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સૌરાષ્ટ્રના નાળિયેરનું ઉત્પાદન કરતા ખેડૂતોને કેન્દ્રીય મંત્રીશ્રી એ સંબોધિત કર્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે કહ્યુ હતું કે, કૃષિ ક્ષેત્રે દેશે પ્રાપ્ત કરી અનેક ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરી છે. ત્યારે ગુજરાતમાં નાળિયેરીના પાકનો વાવેતર વિસ્તાર વધે તેમાટે કેન્દ્ર સરકારના કૃષિ વિભાગ દ્વારા કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડ દ્વારા દરિયાઇ વિસ્તારમાં વધુને વધુ નાળિયેરનું ઉત્પાદન થાય, નાળિયેરના પાકનું વાવેતર થાય અને નાળિયરેના પાક માટેની વિવિધ સરકારી યોજનાનો લાભ ખેડૂતો મળે તે માટે કામ થઈ રહયુ છે. પૂરા દેશમાં ગુજરાતમાં સૌથી વધુ મોટો ૧૬૦૦ કિમિનો દરિયા કિનારો હોઈ ભારત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ જૂનાગઢ ખાતે કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડની કચેરી કાર્યરત કરવાનો નિર્ણય કરાયો છે. જેનાથી ગુજરાતના દરિયાકિનારાના વિસ્તારો નાળિયેરીના વિસ્તારોમાં નાળિયેરીનો પાક વધશે. તેમજ ખેડૂતોને તેનો ફાયદો મળશે. બોર્ડ દ્વારા નાળિયેરીના ખેડૂતોને સહાય આપવા સહિતની યોજનાઓનો લાભ અહીના ખેડૂતોને મળશે. બોર્ડ દ્વારા વધુને વધુ ખેડૂતો સુધી પહોંચી શકાશે. નાળિયેર વિકાસ બોર્ડ એ ખેડૂતો માટે વરદાન સાબિત થશે. નાળિયેર ઉત્પાદનમાં દેશ સમગ્ર વિશ્વમાં પ્રથમ સ્થાને છે. જૂનાગઢમાં કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડની કચેરી શરૂ થતા ખેડૂતોને સંશોધનનો લાભ મળશે. વધુ ઉત્પાદન આપતી નાળિયેરીની જાતોનું સંવર્ધન થશે. ઘર આંગણે નાળિયેરીના સંવર્ધન અને વૃદ્ધિ માટે વિશેષ માર્ગદર્શન મળશે. મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાત એ ગાંધીજી, દેશને એક કરનાર સરદાર પટેલ, મોરારજી દેસાઈની પાવન ભૂમિ છે. ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગ દર્શનમાં ખેડુતો કૃષિક્ષેત્રે પ્રગતિ કરી રહ્યા છે. જૂનાગઢ સંતો મહંતોની પવિત્ર ભૂમિ છે. ગિરનારમાં મા અંબાના દર્શન કર્યા. ત્યારે ત્યાંનો રોપવે એ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ફળશ્રુતિ રૂપે જોવા મળી. તેમના સુશાસનમાં દેશ અનેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નાળિયેર ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં ભારત અગ્રણી દેશ છે. આ ક્ષેત્રમાં આશ્ચર્યજનક સ્થિતિ પ્રાપ્ત કરી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતમાં નાળિયેરનું ઉત્પાદન ૧૯૨૪.૭ કરોડ ફળનું હતું. વૈશ્વિક ઉત્પાદનમાં ભારતનું યોગદાન ૩૧ ટકા છે. દેશમાં પ્રતિ હેકટર દીઠ ૯૪૩૦ ફળ થાય છે. દેશમાં નાળિયરેની ખેતી કુલ ૨૧.૧૦ લાખ હેકટર ક્ષેત્રમાં છે. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યના ખેડૂતોના હિતમાં કેન્દ્ર સરકાર દ્વારા અનેકવિધ નિર્ણયો લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે ભારત સરકાર દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ જૂનાગઢ ખાતે "કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડની" કચેરી કાર્યરત કરવાનો નિર્ણય કરાયો છે. જેથી રાજ્યના નાળિયેર પકાવતા ખેડૂતો વતી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનતા કહ્યું હતું કે, ગુજરાતના ૧૪ જિલ્લામાં દરિયાકિનારો છે. જેમાં માંગરોળ, ચોરવાડ, માળીયા, ગીરસોમનાથ અને પોરબંદર સહિતના દરિયાઈ વિસ્તારમાં નાળિયેરનું પાકનું ઉત્પાદન થાય છે. ગુજરાતમાં ૨૬ કરોડ નાળિયેરનું ઉત્પાદન થાય છે. તેમાં નાળિયેરી બોર્ડ ગુજરાતમાં કાર્યરત કરવાથી તેમાં વધારો થશે. નાળિયેરના ઉત્પાદનને વેગ મળશે. નાળિયેરના ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. સાથે જ નાળિયેરના ખેડૂતોની આવક વધશે. ખેડૂતોએ નાળિયેર ક્ષેત્રમાં ઉપલબ્ધ સંભાવનાનો ભરપૂર ફાયદો લેવો જોઈએ. કેસર કેરી બાદ સોરઠ નાળિયેર ક્ષેત્રે પણ અગ્રેસર બનશે. તેમણે વધુંમાં ઉમેર્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં નાળિયેરીના પાકનો વાવેતર વિસ્તાર ૨૫ હજાર હેકટર છે જેમાંથી ૨૧૩૧ લાખ કોકોનટનું ઉત્પાદન થાય છે. જે પૈકી ૧૫ હજાર હેકટર વાવેતર વિસ્તાર તો માત્ર જૂનાગઢ – ગિર સોમનાથમાં જ છે. નાળિયેરની ખેતીમાં સમગ્ર ગુજરાતમાં જૂનાગઢ- ગિર સોમનાથ જિલ્લો પ્રથમ સ્થાને છે. સૌથી વધુ ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન ગિરસોમનાથમાં જ થાય છે. જૂનાગઢ જિલ્લામાં ફળોમાં પ્રથમ કેરી અને પછી નાળિયેરનો પાક સૌથી વધુ થાય છે. જિલ્લામાં નાળિયેરનો ૬૩૦૦ હેકટર વાવેતર વિસ્તાર છે. માંગરોળમાં નાળિયેરી પાક માટેના રોપાઓ રોપ ઉછેર કેન્દ્રમાં તૈયાર કરવામાં આવે છે. ગુજરાતમાં પ્રતિ હેકટર નાળિયેરની ઉત્પાદકતા ૮૫૪૨ છે. આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ જૂનાગઢમાં કોકોનેટ ડેવલપપેન્ટ બોર્ડની રાજ્યકક્ષાની ઓફિસ કાર્યરત થવાનો આનંદ વ્યક્ત કરતા જણાવ્યું કે, અહીંયા કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડની કચેરી કાર્યરત થવાથી આ વિસ્તારના ખેડૂતોને ખૂબ મોટો ફાયદોથવાની સાથે નાળિયેરીની ખેતિને પણ વેગ મળશે. તેમ જણાવતા સાંસદશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વિસ્તારના ખેડૂતોના વિકાસ માટે વિશેષ ધ્યાન આપ્યું છે તે માટે તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડના જોઈન્ટ સેક્રેટરી ડો.વિજયા લક્ષમીએ વર્ચ્યુઅલ પ્રાસંગીક પ્રવચન કરતાં કહ્યું હતું કે, નાળિયેરના પાક માટે દરિયાકાંઠાના ગરમ અને ભેજવાળા હવામાન તેમજ વધારે વરસાદવાળા વિસ્તારો અગત્યના છે. શાસ્ત્રોમાં પુરાણકાળથી નારિયેળના વૃક્ષોનો ઉલ્લેખ જોવા મળે છે. લોકજીવનમાં લગ્ન ગીતોથી માંડી કહેવતોમાં નાળિયેર જોડાયેલું છે. માણસના જન્મથી માંડી લગ્ન અને મરણ સુધી સાથે રહેલા નાળિયેરને ''શ્રીફળ'' એટલે લક્ષ્મીજીનું ફળ શુકનવંતુ મનાય છે. આ વૃક્ષના તમામે તમામ ભાગોનો એક યા બીજી રીતે ઉપયોગ થતો હોય તેને ''કલ્પવૃક્ષ'' અથવા ''સ્વર્ગનું વૃક્ષ'' પણ કહેવાય છે. હવે નાળિયેર બોર્ડ દ્વારા દેશભરમાં નાળીયેરની ખેતીનો વ્યાપ વધારવાનું કામ થઈ રહ્યું છે.

જૂનાગઠમાં સ્વાગત પ્રવચન ભારત સરકારના કૃષિ વિભાગના બાગાયત કમિશનર ડો.પ્રભાતકુમારે કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે નાળિયેર પકવતા ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા બોર્ડના માધ્યમથી ? ૬,૫૦૦ સુધીની પ્રતિ હેક્ટર સબસીડી મળે છે. ગુજરાતમાં ૨૬ કરોડ નાળિયેરનું વાર્ષિક ઉત્પાદન થાય છે. કાર્યક્રમના અંતે મંત્રીશ્રીઓએ મહુવા કૃષિ કેન્દ્રની નાળીયેરની વિવિધ જાતોની નરીક્ષણ કર્યું હતું.

આ તકે ધારાસભ્ય શ્રી જવાહરભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ શાંતાબેન ખટારીયા, મેયરશ્રી ગીતાબેન પરમાર, ઈન્ચાર્જ કલેકટરશ્રી મિરાંત પરીખ, કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડ, બાગાયત નિયામક શ્રી વઘાસીયા, ડેપ્યુટી મેયરશ્રી ગીરીશભાઈ કોટેચા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કિરીટભાઈ પટેલ, વાઈસ ચાન્સેલર શ્રી ચોવટીયા, અધિક નિવાસી કલેક્ટર શ્રી બાંભણિયા સહિતના અધિકારી, પ્રાંત અધિકારી શ્રી ભૂમિબેન કેશવાલા સહિતના પદાધિકારી અધિકારી અને માટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ બોર્ડના મહારાષ્ટ્રના ડેપ્યુટી ડાયરેકટર ડો.દેવનાથે કરી હતી.

# દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૨ માટે તા.૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ, તા.૩

દિવ્યાંગતા ધરાવતા કર્મચારીઓ,સ્વરોજગાર કરતી વ્યકિતઓ તથા તેમને કામે રાખતા શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફીસર્સ માટેની રાજય દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે.

દિવ્યાંગતા ધરાવતા અંધ, બહેરા-મૂંગા, અપંગ તેમજ રકતપિત્ત તથા મંદબુદ્ધિવાળા કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકિતઓ અને દિવ્યાંગોને કામ પર રાખતા નોકરીદાતાઓ તથા તેમને નોકરીમાં થાળે પાડવા વિશિષ્ટ કામગીરી કરતાં પ્લેસ્મેન્ટ ઓફિસર માટે રાષ્ટ્રીય તેમજ રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા-૨૦૨૨માં ભાગ લેવા અંગે અરજીપત્રક ભરવાનું રહેશે. આ અરજી માટેનો નિયત નમૂનો વેબસાઈટ **www. talimrojgar. gujarat.gov.in** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

તેમજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ ખાતેથી વિનામૂલ્યે મેળવી ભરેલ અરજી પત્રકો સાધનિક દસ્તાવેજોના બિડાણો સહિત બે નકલમાં તા.૧૯ સપ્ટેમ્બર સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી- જૂનાગઢ ને મોકલવાની રહેશે. વધુ વિગત માટે કોલ સેન્ટર નં. ૬૩૫૭૩૯૦૩૯૦ પર અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી,ઝુનાગઢનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# માહી મિલ્ક પ્રોડયુસર કંપનીની અગિયારમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## સભાસદો માટે ૮ ટકા ડિવિડન્ડ જાહેર કરાયું રૂપિયા ૨૮.૬૮ કરોડનો નફો નોંધાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૩



દૂધ ઉત્પાદકોની પોતાની કંપની માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડની અગિયારમી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨જી સપ્ટેમ્બરને શુક્રવારના રોજ સયાજી હોટલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાઇ હતી. વિશાળ દૂધ ઉત્પાદકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ વાર્ષિક સાધારણ સભામાં કંપનીના ચેરમેન મહેન્દ્રસિંહ જાડેજાએ ગત નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨દરમ્યાન કંપનીએ સાધેલા વિકાસની રૂપરેખા રજુ કરી હતી. જ્યારે કંપનીના મુખ્ય કાર્યપાલક ડો. સંજય ગોવાણીએ વર્ષ દરમ્યાન કંપનીએ કરેલા કાર્યોની વિગત આપી હતી. કંપનીએ ગત વર્ષ દરમ્યાન કુલ રૂપિયા ૧૫૩૪ કરોડની આવક નોંધાવી છે જ્યારે રૂપિયા ૨૮.૬૮ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ તેના સભાસદોને ૮ ટકા ડિવિડન્ડ જાહેર કર્યુ છે. જે કંપનીની દૂધ ઉત્પાદક સભ્યો પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. વૈશ્વિક મહામારીના સમયમાં કોવિડની ગાઈડલાઈનનું પાલન કરી, અગિયારમી વાર્ષિક સાધારણ સભા સંપન્ન કરીને સભ્યોએ શિસ્તબધ્ધતાનું અનેરૂં ઉદાહરણ પૂરૂ પાડ્યુ હતું.

સાધારણ સભા પૂર્ણ થયા બાદ ૨૦૨૧-૨૨ના વર્ષ દરમ્યાન કંપનીના તમામ નિયમોનું પાલન કરી વધુને વધુ દૂધ ભરાવનાર વર્ગ અ, બ અને કના સર્વશ્રેષ્ઠ ત્રણ ત્રણ સભ્યો મળીને કુલ નવ સભ્યોને માહી રત્ન અને પૂરક આહાર પેટે પશુઓ માટે માહીદાણનો વધુ વપરાશ કરનાર ત્રણ સભ્યોને માહીદાણ ચેમ્પિયનના એવોર્ડ આપી, રોકડ પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા.

## જૂનાગઢમાં જીલ્લાકક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ ગ્રામ્ય અને જૂનાગઢ શહેર જિલ્લાકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા યોજાનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત પ્રવેશપત્ર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, બ્લોક નંબર ૧/૧, બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ-૩૬૨001, ફોન નં.૦૨૮૫ ૨૬૩૦૪૯૦ ખાતેથી રૂબરૂ અથવા ફેસબુક આઈ.ડી. – **Dso junagadh** ઉપરથી મેળવી તા.૧૨/૯/૨૦૨૨ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જૂનાગઢ ખાતે પહોંચાડવાના રહેશે. નિયત સમય મર્યાદામાં પ્રવેશપત્ર મોકલનારને સ્પર્ધાના તારીખ અને સ્થળની જાણ કરવામાં આવશે. એમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# માહિતી અધિકાર હેઠળ સમયસર માહિતી ન આપવા બદલ કોડીનાર તાલુકાના તલાટીને રૂા.૫,૦૦૦નો દંડ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૩

ગીર સામનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના સાંઢણીધાર વલાદર ગામના તલાટીમંત્રી પાસેથી એડવોકેટ પ્રતાપીસંહ ચાવડા એ કેટલીક માહીતી માંગેલ જે સમયસર ન આપતા માહીતી કમીશ્નર ધ્વારા તલાટીમંત્રીને રૂા.૫૦૦૦નો દંડ ફટકારતા ચકચાર સાથે આળસુ કર્મચારીઓમાં ફફળાટ ફેલાયો છે. આ કેસની ટુંકમાં વિગત જોઈએ તો ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના વલાદર તથા સાંઢણીધાર ગામના તલાટીમંત્રી આર.બી.વાળા પાસેથી કાડીનાર એડવાકેટ પ્રતાપીસંહ ચાવડા દ્વારા તા.૨૩/૯/૨૦૨૧ના રાજ કેટલીક માહીતી માંગેલ જે માહિતી સમયમર્યાદામા ન આપતા તા.૨/૧૧/૨૦૨૧ના રાજ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ પ્રથમ અપીલ દાખલ કરેલ. આ પ્રથમ અપીલના કામે તા .૨૫/૧૧/૨૦૨૧ના રાજ થયેલ હુકમથી માંગેલ તમામ માહીતી દીવસ ૭માં વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરેલ તેમ છતાં તલાટીમંત્રીએ કાઈ માહીતી ન આપતા અરજદારે તા.૮/૧/૨૦૨૨ ના રોજ માહીતી કમિશ્નર ગાંધીનગર સમક્ષ સેકન્ડ અપીલ દાખલ કરતા આ સેકન્ડ અપીલની સુનાવણી હાથ ધરતા અરજદારની રજુઆતો ધ્યાને લઈ એવો હુકમ કરવામાં આવેલ કે, વલાદર તેમજ સાંઢણીધાર ગામના તલાટીમંત્રી આર.બી.વાળાએ સમયસર માહીતી ન આપી માહીતી અધિકારના કાયદાનો ભંગ કરેલ હાયજે બદલ રૂા.૫૦૦૦ પુરાનો દંડ ફટકારવામાં આવેલ છે અને આ દંડની રકમ સરકારી તિજોરીમા જમાં કરાવી આ અંગેનો અહેવાલ તાલુકા વિકાસ અધિકારી કોડીનારનાએ માહીતી કમિશ્નરને મોકલી આપવા હુકમ થયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ દંડના હુકમથી તાલુકાના આળસુ કર્મચારીઓમાં ફફળાટ ફેલાઈ જવા પામ્યો છે.

# માંગરોળ આમ આદમી પાર્ટી દ્વારા પ્રજાલક્ષી પ્રશ્ને મામલતદારને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૩



માંગરોળ આમ આદમી પાર્ટીએ મામલતદાર કચેરીમાં અન્નપૂર્ણા યોજના હેઠળ રાહતદરે રાશન નુ અનાજ મેળવવા ફોર્મ ભરનાર અરજદારોનાં ફોર્મ મંજુર કરવા કચેરી અને એજન્ટો ની મીલીભગતથી પૈસા પડાવાતા બંધ કરવા તથા જુની મામલતદાર કચેરીમાં આધારકાર્ડ કાઢવાની ઓફીસમાં વધુ કીટો ફાળવી પ્રજાની હેરાનગતિ દુર કરવાની માંગણીઓ કરતુ આવેદનપત્ર આપવામાં આવ્યું હતી. આપના આવેદનપત્રમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો -૨૦૧૩ અંતર્ગત અગ્રતા ધરાવતા પરિવારો જે યાદીમા રહી જવા પામેલ હોય તેઓનો સમાવેશ કરવા, માંગરોળ મામલતદાર કચેરીનાપુરવઠા વિભાગમા રજુ થતી અરજીઓ મંજુર કરવા માટે મામલતદાર કચેરીમાં એજન્ટો મારફતે જરૂરિયાતમંદ પરિવારોનો સંપર્ક કરી કચેરી અને એજન્ટો દ્વારા સાંઠગાંઠ રચી, અરજી દીઠ ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયાના ઉઘરાણાઓ કરાઈ રહેલ હોય, અને વિનામુલ્યે પુરી પાડવાની આ માનવીયસેવા માટે મામલતદાર કચેરી માંગરોળમાં ગેરરીતી અને ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય અને અરજદારો પાસેથી આ માટે નાણાં પડાવવાની ગેરકાયદેસર કાર્યવાહી ચાલી રહેલ હોય. આ બાબતે આમ આદમી પાર્ટી માંગરોળ એકમને ફરીયાદો મળતા તપાસ કરતા ફરીયાદમા તથ્ય જણાયેલ હોય. આ બાબતને ગંભીરગણી જરૂરિયાતમંદપરિવારોને લુંટતા બચાવી આવી ગેરરીતી અને ભ્રષ્ટાચાર અટકાવવા તેમજ આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલ કર્મચારીઓ અને એજન્ટો તરીકે કામ કરતા લોકોની ઓળખ કરી તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. માંગરોળ મુકામે પાંચ વર્ષથી ઉપરના નાગરીકો માટે આધારકાર્ડ કઢાવવાની કાર્યવાહીમા મામલતદાર કચેરીએ એક જ કીટ હોવાને કારણે શહેર અને તાલુકાની આધારકાર્ડ મેળવવા આવતી જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય, તેમની હાલાકી દુર કરવા આ કચેરી ખાતે વધુ કીટો અને કોમ્પ્યુટરો તથા તેના માટેનો જરૂરી સ્ટાફ ફાળવી સુવિધામા ઉમેરો કરવા અને લોકોને હાલાકીમાંથી મુકિત અપાવવા અમો જાહેર હિતના પ્રશ્ને આવેદનપત્રાથી માંગણી કરીએ છીએ. આ ઉપરાંત માંગરોળમાં સરકારી બેંકો તથા પોસ્ટ ઓફીસ ખાતે આ સેવા ઉપલબ્ધ હોય પરંતુ ત્યાં આ પ્રકારની કામગીરી કરાતી ન હોય જે પણ શરૂ કરાવવા આપની કક્ષાએથી કાર્યવાહી કરવા આવેદનપત્રથી માંગણી કરીએ છીએ . જાહેર જનતાના હિતને લગતા આ બંને મહત્વના પ્રશ્ને આવેદનપત્ર આપ્યાથી દિન -૧૫ માં જરૂરી કાર્યવાહી કરવામાં નિષ્ફળગયેથી આ પ્રશ્ને માંગરોળ શહેર અને તાલુકાની પ્રજાને સાથે રાખી લોકશાહી ઢબે મામલતદાર કચેરીનો ઘેરાવ , તાળાબંધી સહીતના આશ્ચર્યજનક આંદોલનાત્મક કાર્યક્રમો યોજવા ફરજ પડશે તેવી આવેદનપત્રથી ચિમકી આપવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લા પંચાયત આઈસીડીએસ દ્વારા સ્વસ્થ બાળક સ્પર્ધાનું આયોજન કરાશે

જૂનાગઢ, તા.૩ : જૂનાગઢ જિલ્લા પંચાયતના આઈસીડીએસ શાખા દ્વારા સ્વસ્થ બાળકની સ્પર્ધાનું આયોજન આંગણવાડીઓમાં કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લા પંચાયત તાંબા હેઠળની કુલ ૧૨૪૯ આંગણવાડીમાં નોંધાયેલ તેમજ ન નોંધાયેલ ૦ થી ૬ વર્ષની વય જૂથના તમામ બાળકોના વજન અને ઊંચાઈ આંગણવાડી કેન્દ્રો ખાતે તારીખ ૧૫/૯/૨૦૨૨ સુધી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્ય, પ્રમુખ જિલ્લા પંચાયત જૂનાગઢ તેમજ અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. તેમજ વડાપ્રધાનના સહી પોષણ દેશ રોશનના વિચારને ચરિતાર્થ કરવા માટે બાળકોમાં આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા લોકોની સહભાગીતા સાથે આ સ્પર્ધાનું આયોજન થનાર છે. એમ જૂનાગઢ જિલ્લા પંચાયત આઈસીડીએસ શાખાના પ્રોગ્રામ ઓફિસર દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દેશમાં આત્મહત્યાનો વધતો દર ભારે ચિંતાજનક : સુરક્ષા તંત્ર મજબુત બનાવવા માંગ

આપણા આર્થિક વિકાસ દરની તસ્વીર ગમે તેટલી સોનેરી હોય, પરંતુ સામાજિક સ્તર ઉપર દેશ અનેક વિદ્રુપતાઓથી પસાર થઈ રહ્યો છે. કોવિડ મહામારી બાદ સમાજમાં અનેક સ્તર ઉપર સંકટ ઘેરાયું છે. વ્યક્તિગત અને પારિવારિક સ્તર ઉપર લોકો માનસિક સંકટ સામે ઝઝૂમી રહ્યા છે. એકલાપણું, પારિવારિક કલેશ, આર્થિક સમસ્યાઓને કારણે આત્મહત્યાના કિસ્સામાં વર્ષમાં ૬.૨ ટકાનો વધારો થયો છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો(એનસીઆરબી)ના રિપોર્ટ અનુસાર, વ્યવસાય કે કારકિર્દી સંબંધિત સમસ્યાઓ, એકલતાની ભાવના, દુર્વ્યવહાર, હિંસા, પારિવારિક સમસ્યાઓ, માનસિક વિકાર, દારૂની લત અને આર્થિક નુક્સાન દેશમાં આત્મહત્યાઓનાં મુખ્ય કારણ છે. રિપોર્ટ અનુસાર ૨૦૨૧માં દેશમાં મહારાષ્ટ્રમાં આત્મહત્યાની સર્વાધિક ઘટનાઓ બની. તમિલનાડુ અને મધ્યપ્રદેશ આત્મહત્યાના કેસોમાં બીજા અને ત્રીજા સ્થાન ઉપર રહ્યા. આખા ભારતમાં એવા ૧,૬૪,૦૩૩ કેસો નોંધવામાં આવ્યા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ભારતમાં ૨૦૨0માં આત્મહત્યાના કુલ ૧,૫૩,૦૫૨ કેસો નોંધવામાં આવ્યા, જ્યારે ૨૦૨૧માં સાત ટકા વધુ કુલ ૧,૬૪,૦૩૩ કેસો નોંધવામાં આવ્યા હતા. તેમાં કહેવાયું કે, આત્મહત્યાના દરમાં ૬.૨ ટકાનો વધારો થયો છે. ૨૦૨0 અને ૨૦૨૧ કોરોના મહામારીનો સમય હતો. કોરોનાને કારણે લોકો પરેશાન થયા, લોકડાઉને લોકોના રોજગાર છીનવ્યા, ઘરોમાં કેદ રહેવાથી લોકો માનસિક રૂપે વધુ પરેશાન થયા, આ દરમ્યાન પારિવારિક કલેહના કિસ્સા વધુ બનવા લાગ્યા. બે વર્ષ સુધી સતત કોરોનાના ભયને કારણે લોકો માનસિક રૂપે પરેશાન થયા. કરોડો લોકોએ પોતાના પરિજનો ગુમાવ્યા. આ બધાનું પરિણામ એ રહ્યું કે, આત્મહત્યાની પ્રવૃત્તિ વધી. એનસીઆરબીના રિપોર્ટ અનુસાર, ગયા વર્ષે દેશમાં મહારાષ્ટ્રમાં આત્મહત્યાના સર્વાધિક ૨૨,૨૦૭ કેસો નોંધવામાં આવ્યા. ત્યારબાદ, તમિલનાડુમાં ૧૮,૯૨૫, મધ્ય પ્રદેશમાં ૧૪,૯૬૫, પશ્ચિમ બંગાળમાં ૧૩,૫૦૦ અને કર્ણાટકમાં ૧૩,૦૫૬ કેસો નોંધાયા જે આત્મહત્યાના કુલ કેસોમાં અનુક્રમે ૧૩.૫ ટકા, ૧૧.૫ ટકા, ૯.૧ ટકા, ૮.૨ ટકા અને ૮ ટકા છે. દેશમાં નોંધાયેલા આત્મહત્યાના કુલ કેસોમાંથી આ પાંચ રાજ્યોમાં ૫૦.૪ ટકા કેસો નોંધાયા. બાકીના ૪૯.૬ ટકા કેસો ૨૩ અન્ય રાજ્યો અને આઠ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સામે આવ્યા. સૌથી વધુ આબાદીવાળા રાજ્ય ઉત્તર પ્રદેશમાં આત્મહત્યાના ઓછા કિસ્સા બન્યા, જે દેશમાં નોંધાયેલ ઘટનાઓના માત્ર ૩.૬ ટકા છે. જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશમાં સર્વાધિક આબાદીવાળા દિલ્હીમાં ૨૦૨૧માં આત્મહત્યાના સર્વાધિક ૨૮૪૦ કેસો નોંધાયા. ત્યારબાદ પુડુચેરીમાં ૫૦૪ કેસો નોંધાયા. ગયા વર્ષે દેશના ૫૩ મોટાં શહેરોમાં આત્મહત્યાના કુલ ૨૫,૮૯૧ કેસો નોંધાયા હતા. દેશમાં ૨૦૨૧માં પ્રતિ એક લાખની આબાદીએ આત્મહત્યાના કેસોનો રાષ્ટ્રીય દર ૧૨ રહ્યો. આપણું સામાજિક સુરક્ષા તંત્ર એવું હોવું જોઈએ, જેમાં નાગરિકને કોઈ પ્રકારનો ડર ન સતાવે. ના આર્થિક, ના સામાજિક કે ના માનસિક.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જ્યારે જ્યારે જે થવાનું છે ત્યારે ત્યારે તે થયા જ કરે છે.
- ભગવાનશ્રી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૪, પા.ફરવરદીન-૧૩૯૨, મુ. સફર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૯, ભાદરવા સુદ-૭ ધરો આઠમ, રાધાષ્ટમી, મહાલક્ષ્મી વ્રત આરંભ તા.૩ સપ્ટેમ્બર ૨૦૨૨, શનિવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૬, અનુરાધા નક્ષત્ર, વૈધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.
- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણીઘર્ષણ થાય.
વૃષભ: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મિથુન: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કર્ક : કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
કન્યા: અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
તુલા : માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ શકાય.
વૃશ્ચિક : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
ધન : શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ શકાય.
મકર : પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે.
કુંભ : નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. લાભની તક સાંપડે.
મીન : સંતાનો અંગે ચિંતા રહે. વ્યર્થ ખર્ચ થાય.

# ગુજરાતના ૭ લાખ લોકો ડ્રગ્સના બંધાણી, સર્વેમાં ચોંકાવનારૂ તારણ

(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૩

ગુજરાતના યુવાધનને ડ્રગ્સના રવાડે ચઢાવવાના નિતનવા પેંતરા રચાઈ રહ્યા છે. હવે તો ડ્રગ્સનું માર્કેટ ઓનલાઈન પણ ફૂલ્યુફાલ્યું છે. છેલ્લા ઘણા સમયથી અમદાવાદ, વડોદરા, કચ્છ તથા દરિયાકાંઠાના વિસ્તારોમાંથી ડ્રગ્સનું જથ્થો ઝડપાઇ રહ્યો છે. ગુજરાતના યુવાધનને બરબાદ કરવા માટે ડ્રગ્સ પેડલરો આવા ગોરખધંધા કરતા અચકાતા નથી. જો કે, આવા ગેરકાયદેસરના કામકાજ સામે પોલીસ લાલ આંખ કરી રહી છે. કાર્યવાહી કરે છે પરંતુ દિવસ જાય તેમ આવી ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ડ્રગ્સ એડિક્શનને લઈને સર્વેમાં એક ચોંકાવનારૂ તારણ સામે આવ્યું છે. ગુજરાતમાં ૭ લાખ યુવાનો ડ્રગ્સ એડિક્ટ હોવાનું સર્વેમાં સામે આવ્યું છે. તેમાં પણ અમદાવાદના ૧૦ટકા યુવાનો ડ્રગ્સ લેતા હોવાનું તારણ છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ડ્રગ્સનો વપરાશ વધ્યો છે. અધિકારીઓ અને માલેતુજારોના સંતાનો ડ્રગ્સ એડિક્ટ બન્યા હોવાનો સર્વેમાં ખુલાસો થયો છે. એટલે કે, કહી શકાય કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂના દૂષણને નાથવા ગુજરાતમાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે હવે પોલીસ માટે ડ્રગ્સ રેકેટને નાબૂદ કરવાનો નવો પડકાર ઉભો થયો છે. આ સર્વે આઈઆઈએમ-એના રિસર્ચ એસોસિયેટ ડો. એજાજ શેખે દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં તેઓએ અમદાવાદના અલગ-અલગ ૨૫ વોર્ડમાં સર્વે કર્યો. જેમાં સામે આવ્યું કે, ૧૬ થી ૩૫ વયના ૪૫ટકા યુવાનો ઓકેશનલી ડ્રગ્સ લે છે. આ સર્વેમાં વોર્ડ દીઠ ૨૦ યુવાનોને સર્વેમાં સાંકળવામાં આવ્યા. જે ઉપરથી સર્વે કરાતા તારણ સામે આવ્યું કે,



અમદાવાદમાં ડ્રગ્સ કલ્ચર ડેવલપ થઈ રહ્યું છે. સ્ટ્રીટ ડ્રગ્સ પેડલરનું નેટવર્ક અમદાવાદમાં સક્રિય થઈ રહ્યું છે. તેમાં પણ ખાસ કરીને અમદાવાદમાં સિન્થેટિક ડ્રગ્સનું પ્રમાણ વધુ હોવાનું તારણ સામે આવ્યું છે.

**ડ્રગ્સ એડિક્ટ થવાનું કારણ શું ?**

જોકે, ડ્રગ્સ એડિક્ટ બનવાના કારણોમાં જોઈએ તો ડિપ્રેશન અને રિલેશનશિપ-બ્રેકઅપ મુખ્ય કારણો છે. આ બંને કિસ્સામાં યુવાનો વધુ ડ્રગ્સ એડિક્ટ બને છે. યુવાનો એટલી હદે ડ્રગ્સ એડિક્ટ બન્યા છે કે, ઘણા યુવાનો તો ઘરે જ ડ્રગ્સ બનાવવા લાગ્યા હોવાનું આ સર્વે ઉપરથી તારણ કાઢવામાં આવ્યું છે. કેમિકલ ડ્રગ્સ લોકલ લેવલે પ્રોડ્યુસ થવાનું પણ શરૂ થયું છે.

# બેદરકારી કારણભૂત : ગુજરાતમાં ૧ વર્ષમાં આગ ૪૦૯ લોકોને ભરખી ગઇ

## આગની ૮૩ ટકા ઘટનાઓ રહેણાંક મકાનોમાં, ગેસ સિલિન્ડર-સ્ટવ ફાટવાના ૯૧ કેસમાં ૯૩નાં મોત



(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૩

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા પ્રકાશિત થયેલ અકસ્માત મૃત્યું અને આત્મહત્યા રિપોર્ટ ૨૦૨૧ દર્શાવે છે કે, આકસ્મિક આગને કારણે સૌથી વધુ સંખ્યામાં જાનહાનિ રહેણાંક જગ્યાઓમાં થતી રહે છે. અઉજઈ ૨૦૨૧ના અહેવાલ મુજબ, કુલ ૪૦૬ આકસ્મિક આગમાંથી ૩૩૫(જે ૮૨.૫ ટકા છે) જેમાં જાનહાનિનો સમાવેશ થાય છે, રહેણાંક મકાનોમાં થયો હતો અને આકસ્મિક આગના કારણે મૃત્યું પામેલા ૪૦૯ લોકોમાંથી, ૩૩૭ લોકોના મૃત્યું(૮૨.૩ ટકા) તેમના ઘરોમાં આગને કારણે થયા હતા. જેઓ ઘરોમાં મૃત્યું પામ્યા હતા, ૧૩૮ પુરૂષો અને ૧૯૯ સ્ત્રીઓ હતા, જેમાં બાદમાં મૃત્યુંનો ૫૯ ટકા હિસ્સો હતો. ભારતમાં ૮,૪૯૧ આકસ્મિક આગમાંથી ગુજરાતમાં ૪૦૬નો હિસ્સો હતો જ્યાં ઈજાઓ અથવા જાનહાનિ થઈ હતી. ગયા વર્ષે દેશભરમાં આગમાં જીવ ગુમાવનારા ૮,૩૪૮ લોકોમાંથી ગુજરાતમાં કુલ ૪૦૯ મૃત્યું(૧૯૧ પુરૂષો, ૨૧૮ મહિલાઓ) થયા હતા. ફેક્ટરીમાં લાગેલી આગમાં પાંચ લોકોના મોત થયા હતા, ૧૬ વાહનોમાં લાગેલી આગમાં ૧૩ મહિલાઓ અને ૩ મહિલાઓ સહિત ૧૬ લોકો મૃત્યુંપામ્યા હતા અને અન્ય જગ્યાઓમાં લાગેલી ૪૯ આકસ્મિક આગમાં ૫૦ લોકો - ૩૪ પુરૂષો અને ૧૬ મહિલાઓ મૃત્યું પામ્યા હતા. ૨૦૨૧નો રિપોર્ટ જણાવે છે કે, મૃત્યુંનું સૌથી વધુ જાણીતું કારણ ગેસ સિલિન્ડર અથવા સ્ટવમાં આગ લાગવાનું હતું જ્યાં ૯૧ આગને કારણે ૯૩ લોકોના મોત થયા હતા જેમાં ૬૭ મહિલાઓ અને ૨૬ પુરૂષો. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગમાં કુલ ૪૭ લોકોએ જીવ ગુમાવ્યા જેમાં ૪૦ પુરૂષો અને ૭ મહિલાઓનો સમાવેશ થાય છે. પરિસરમાં લાગેલી આગમાં એક ફેક્ટરી કામદારનું મોત થયું હતું. ૨૬૭ કેસોમાં વધુ ૨૬૮ મૃત્યું અન્ય કારણોસર આગમાં મૃત્યું પામ્યા હતા.

# ● શિક્ષક અને વિદ્યાર્થી એકબીજાનાં પૂરક છે ●

સૌ પ્રથમ આપણે શિક્ષક એટલે કોણ, એ વિષે વાત કરીએ. જે વ્યક્તિ શિક્ષણનો સાચો આંક કાઢી, પોતાના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે, તે સાચો શિક્ષક છે. શિક્ષકની વ્યાખ્યા એકજ વાક્યમાં આપવી હોય તો, જે પોતાના વિદ્યાર્થીઓને સાચી શિક્ષા તથા દિક્ષા આપનાર વ્યક્તિ. શિક્ષકો જ પોતાના વિદ્યાર્થીઓના પથદર્શક અને માર્ગદર્શક બની શકે છે. બાળકોમાં માતા બાદ સંસ્કારનું કોઈ સિંચન કરતું હોય તો તે વ્યક્તિ શિક્ષક છે. બાળકો કે વિદ્યાર્થીઓનાં જીવનમાં માતા પછી ગુરૂ કે શિક્ષકનું દ્વિતીય સ્થાન આવે છે. આપણાં ભારત દેશના સૌ પ્રથમ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ એક સમયે પોતાની કારકિર્દીની શરૂઆત એક શિક્ષક તરીકે જ શરૂ કરી હતી અને તેથી જ એમના માનમાં પાંચમી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષક ખરા અર્થમાં વિદ્યાર્થીઓનો ગુરૂ છે. શિક્ષક જ એક એવો મહાનુભાવ છે જેના માધ્યમ થકી એના ભણાવેલાં વિદ્યાર્થીઓમાંથી કોઈ ડોક્ટર, કોઈ એન્જિનિયર, કોઈ વકીલ, કોઈ પાયલોટ કે કોઈ મોટો ઉદ્યોગપતિ બને છે. આ બધાં આગળ આવ્યા એ એમના ગુરૂ કે શિક્ષકની દેન છે. શિક્ષક વિદ્યાર્થીઓના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે છે. વશિષ્ઠ તથા વિશ્વામિત્ર ઋષિ સાચા તથા સારા ગુરૂઓના ઉદાહરણ રૂપે છે. પરશુરામજી પણ ઉત્તમ ગુરૂવર તરીકે નામના પામ્યા હતા. બીજી બાજુ વિચારીએ તો વિદ્યાર્થી એટલે વિદ્યાનો સાચો અર્થ જાણનાર. જે વિદ્યાર્થી વિદ્યાનો કે શિક્ષણનો સાચો અર્થ કાઢી અને સમજી શકે છે એજ ખરો અને આદર્શ વિદ્યાર્થી છે. વિદ્યા હંમેશા વિનય વડે શોભે છે તે ન્યાયે, વિદ્યાર્થી નમ્ર, વિનયી, સુશીલ, ખંતીલો અને મૃદુભાષી હોવો જોઈએ. વિદ્યાર્થી પોતાના ગુરૂ કે શિક્ષકના આદેશ તથા આજ્ઞાનું પાલનકર્તા, સોહાર્દ, વિનમ્ર અને આજ્ઞાંકિત હોવો જોઈએ. જેટલાં પણ મોટા કે નામાંકિત વ્યક્તિઓનો ઈતિહાસ તપાસસો તો એમની વૃદ્ધિ અને સમૃદ્ધિની પાછળ કોઈને કોઈ સારા કે મહાન ગુરૂ કે શિક્ષકનો હાથ હશેજ. લવ તથા કુશ વાલ્મીકિ ઋષિના શિષ્યો હતાં તો શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ સાંદિપની ઋષિના શિષ્યો હતા અને તેઓ ગુરૂ કુળમાં જ રહીને ભણ્યાં અને મોટા થયા હતાં. દશરથ રાજાના ગુરૂ વશિષ્ઠ ઋષિ હતાં. રામ તથા લક્ષ્મણના ગુરૂ વિશ્વામિત્ર ઋષિ હતા. ગુરૂ દ્રોણાચાર્ય કૌરવો તથા પાંડવોના કુલગુરૂ હતા. ઈતિહાસમાં આરૂણી નામનો એક શિષ્ય અમર થઈ ગયો. આ બધાં જ વિદ્યાર્થીઓએ ક્યારેય પોતાના ગુરૂનો બોલ ઉથાપ્યો નહોતો કે ગુરૂજીની આજ્ઞા તથા આમન્યાનું જાણેઅજાણે પણ ઉલ્લંઘન કર્યું નહોતું. તેઓ જ્યાં સુધી પોતાના ગુરૂના હાથ નીચે ભણ્યાં ત્યાં સુધી ગુરૂજી તથા ગુરૂ પત્નીની તન, મન અને ધનથી સેવા કરી હતી અને સેવાના ફળ સ્વરૂપે તેઓ મહાન કે ખ્યાતનામ વ્યક્તિઓ તરીકે જગમાં નામ કમાયી ગયાં હતાં. વિદ્યાર્થી અને શિક્ષક એકબીજાથી અલિપ્ત રહી શકે નહીં. આમ વિદ્યાર્થી તથા શિક્ષક એકમેક સાથે સેતૂસમાન છે અને એકબીજાના પૂરક છે. જો કે, આજના પરિવર્તિત અને બદલાયેલાં જમાનામાં શિક્ષકો શિક્ષણને બદલે શાળામાં મહિલા શિક્ષિકા કે નાની વિદ્યાર્થીનીઓ સાથે લંપટલીલા આદરે છે. શાળામાં નિયમિત આવતા નથી, પાન પડીકી કે દારૂના નશામાં ધૃત હોય છે, આવા શિક્ષકો વિદ્યાર્થીઓમાં સારા શિક્ષણનું સિંચન કઈ રીતે કરી શકશે ? વિદ્યાર્થીઓને શિક્ષા(શિક્ષણ) આપવાને બદલે શિક્ષા(સજા કે દંડ)નો સહારો લ્યે છે. તો બીજી તરફ વિદ્યાર્થીઓ પણ વિદ્યાનો અર્થ જાણવાને બદલે વિદ્યાની અર્થી(ઠાઠડી) કાઢે એવા હોય છે. શાળા કોલેજોમાં ભણવાને બદલે ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ સાથે મોજમસ્તી કરવી, પિરીયડો નિયમિત ભરવા નહીં, શિક્ષકોની ફિલ્મ ઉતારવી અને ભાંગફોડ કરવી એવાં નખરાં કરે છે, આ અલગ બાબત છે. આમ છતાં એક આદર્શ અને સાચો શિક્ષક પોતાના જ્ઞાન તથા અનુભવ થકી ગમે તેવા નાદાન, ઉદંડ અને તોફાની વિદ્યાર્થીનું જીવન બદલી શકે છે. માટે જે વ્યક્તિઓ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તે તમામે સમાજમાં આદર્શ અને ઉત્તમ શિક્ષક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**- યોગેશભાઈ આર. જોષી, હાલોલ, જિ.પંચમહાલ**

# ● બ્રહ્માંડનું સર્જન ●

મૃત્યું બાદ શું બ્રહ્માના નિવાસ સ્થાનમાં સ્વર્ગ, બ્રહ્મલોક કે નર્કલોક આવશે અને ત્યાં કેટલા દેવતા અને દાનવઓ છે ? આપણા વેદો, ગ્રંથો અને પુરાણોમાં બ્રહ્માંડમાં ત્રણ લોક અને ૧૪ ભુવન છે. ત્રણેય લોકને આકાશ, પૃથ્વી અને નર્ક સમાવેશ થાય છે અને ૧૪ ભુવનમાંથી પૃથ્વીની ઉપર પ્રથમ ભુવનમાં દિવ્ય આત્માઓ અને ઋષિઓ વસે છે. સારા કાર્યો માટે દેવતાનો દરજ્જો અને બાકીનાને માનવમાં જન્મ મળે છે. અહીં ૩૩ વૈદિક દેવતાઓ નિવાસમાં અગ્નિ દેવ, પવન દેવ, ચંદ્ર દેવ, સૂર્ય દેવ તથા અન્ય દેવોનો સમાવેશ થાય છે. આ તમામ દેવોના રાજા ઈન્દ્ર અને ગાંધર્વ અપ્સરા સાથે રહે છે. અહીયા દૈવીક શક્તિઓમાંથી અકલ્પનીય સંપત્તિ પૂર્ણ કરે છે. જેમાં ઈચ્છા, બ્રહ્માંડમાં ફરવાની ક્ષમતા, લાંબુ આયુષ્ય અને રોગથી છુટકારો મેળવવા માટે સ્વર્ગીય લોકોનું કાર્ય દરેકનું રક્ષણ કરવાનું છે. બ્રહ્માંડએ અમરાવતી સ્વર્ગની રાજધાની છે. અહિયા વાહનમાં કામધેનુ ગાય, ત્રણ માથાવાળો સફેદ હાથી અને ઉડતો ઘોડો છે. શિવ સ્વર્ગીય વિશ્વમાં નિવાસ કરે છે. ઋષિઓ પણ સત્યલોકમાં આવવાની પરવાનગી છે. તેઓ તેમની ઈચ્છા મુજબ ગમે ત્યાં આવી શકે છે, અહીં રહેતા લોકોની ઉંમર બ્રહ્માજીના ૧ દિવસની બરાબર મનુષ્યની ઉંમરના ૪૩૨ વર્ષ કહેવાય છે અને તેમનું આયુષ્ય કરોડ વર્ષમાં સમાપ્ત થાય છે. અહી રહેવા માટે કર્મ પ્રમાણે નક્કી થાય છે કે, આત્મા બ્રહ્મલોકમાં કે નીચલા લોકોમાં જશે. દરેક વ્યક્તિ પિતૃ લોકથી ઉપર ૮ કરોડ યોજન(એક યોજના એટલે ૧૨ કિલોમીટર)છે. દુનિયામાં ચાર કુમારોમાંથી પ્રથમ વિષ્ણુના અવતાર માનવા આવે છે. સત્ય લોકો આ ૧૪ લોકોમાં ટોચ ઉપર બ્રાહ્મણના સર્જક ભગવાન બ્રહ્મા અને તેમની પત્ની માતા સરસ્વતી સાથે રહે છે. જેમને તપસ્યા અને સત્કર્મ કરીને સત્યલોકમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ભૂમિની વાત કરીએ તો તે ૧૪ લોકોમાંથી સાતમાં સ્થાને આવે છે. અહી વસતા જીવોમાં પાપ અને પુણ્ય ભગવાન અને દેવી-દેવતાઓની દેખરેખમાં જીવન જીવે છે. અહીં જે જીવે છે તેને એક યા બીજા દિવસે મરવાનું જ છે. હવે પૃથ્વીની નીચે ૭ લોકમાં વાલા નામના રાક્ષસનો નિયમ, જે માયાનો પુત્ર છે અને તેણે ૯૬ પ્રકારની માયા રાખી છે. અહીં લોકો પાસે ભગવાન શિવનું સ્વરૂપ છે જે હાટકેશ્વર કહેવામાં આવે છે. તેઓને રાક્ષસોની શ્રેણીમાં સૌથી પવિત્ર રાક્ષસો માનવામાં આવે છે. રાજા બલીએ વામન અવતારમાં ભગવાન વિષ્ણુએ ભિક્ષામાં ત્રણ ફૂટ જમીન માંગી તેમાં ત્રણેય લોકને બે પગલામાં આપ્યા અને ત્રીજા સ્થાને ભગવાને બલિદાનના મસ્તક ઉપર પગ મૂક્યો ત્યારબાદ તેમને સુતલા લોકમાં મોકલ્યા પછી, એનાથી નીચે અનાદિ લોકો અસુર માયા સાથે રહે અને જાદુમાં ઘણું જ્ઞાન ધરાવે છે. અહીં સુધી કશ્યપ ઋષિની પત્ની લોકોનો જન્મ થયો હતો. અહીં અનેક માથાવાળા સાપ વસે છે. અહીં સૈનિકો, મહાસેના સોહિત ધનંજય અને રાષ્ટ્ર સંઘ અપ્સર દેવવ્રત વગેરે રહે છે. અહીંયા રાજધાની ભોગવતીમાં રહેતા રાજા વાસુકી સુંદર નદીઓ, તળાવો અને ઓરડાઓમાં રહે છે.

**લેખક : ડો. ચિરાગ જાની**

# ગણપતિજીના પરમ ભક્ત કેવટ ભ્રુશુન્ડીજી

પુરાતન કાળની વાત છે. દંડકારણ્યમાં નન્દુર નામના પ્રસિધ્ધ નગરમાં નામા નામનો એક કેવટ રહેતો હતો. તે અભણ હતો પરંતુ પૂર્વ કર્મના પ્રભાવ તેમજ સંગ દોષથી કુટીલ અને અત્યંત ક્રુર પણ થઈ ગયો હતો. તેને કોઈના પ્રત્યે દયા નહોતી આવતી. તેની જેમ જેમ ઉમર વધતી ગઇ તેમ તેમ તેનામાં દુર્ગુણોનો વધારો થતો ગયો. તે યુવાન થયો ત્યારે રીઢો ચોર, દારૂ-માંસનો સેવન કરનાર, પરદારા અને પરધનનું હરણ કરનાર મનુષ્યનાં રૂપમાં પશુ જ થઈ ગયો. પોતાના નાના સ્વાર્થની પૂર્તિ માટે તે મનુષ્યની હિંસા કરવી તે તેના માટે સાવ સામાન્ય બાબત હતી. તેના કુકર્મથી ત્રાસી ગયેલા લોકોએ સાથે મળી તેને નન્દુર નગરમાંથી કાઢી મુક્યો. હળધૂત થઈ નગરમાંથી કઢાયેલો નામા ત્યાંથી થોડે દૂર એક જંગલમાં વસવાટ કરવા લાગ્યો. ત્યાં તેની સાથે તેની પત્ની-બાળકો પણ રહેતા હતાં. તેનું તે સારી રીતે ભરણ પોષણ કરતો. ત્યાંથી જે પણ યાત્રિકો નિકળે તેમની હત્યા કરી તેનું ધન આદિ લૂંટી લેતો. નિર્દોષ લોકોને લૂંટવું તેમની હત્યા કરવી તે તેનો નિત્યક્રમ થઈ ગયો હતો. તે ઉપરાંત તે નિર્દોષ વન્ય પશુઓની પણ કુરતા પૂર્વક હત્યા કરતો રહેતો. એક દિવસ તે વનમાં પશુઓની હિંસા કરતો આંનદ પામતો નાચતો-કૂદતો જતો હતો ત્યાં અચાનક તેનો પગ ખાડામાં પડતા પગમાં મોચ આવી ગઈ તેથી તેનાથી ચીસ પડાઈ ગઈ. ધીરે ધીરે, તેની પીડા વધવા લાગી તેથી પાસેનાં એક મંદિરનાં ઓટલે બેસી ગયો. તે મંદિર શ્રી ગણપતિજીનું હતું. પાસે જ એક પાણીનો કુંડ હતો. જે ગણેશ કુંડ તરીકે પ્રસિધ્ધ હતો. તેમાંથી જલપાન કરી સ્નાન કરી તે શુધ્ધ થયો. બરાબર એજ સમયે ગણપતિજીનાં ઉપાસક મુદગલ મુનિ ત્યાં આવ્યા. તેમને જોઈ પોતાની પીડાને ભૂલી જઇ તે તુરત જ મુદ્ગલ મુનિને મારવા માટે તત્પર બન્યો, પરંતુ મુદ્ગલ મુનિએ તેની આંખો સાથે આંખો મિલાવી કે, તુરત જ નામા કેવટનું શરીર ઠંડુ પડી ગયું . તેનાં હાથમાંથી હથીયાર પડી ગયા. મુદ્ગલ મુનિનાં દર્શન માત્રથી નામ કેવટએ એક અનોખી શાંતિનો અનુભવ કર્યો. તેનાં મન-બુધ્ધિમાં મોટું પરિવર્તન આવી જતાં તે પોતે પણ વિસ્મય પામ્યો. તે મુદગલ મુનિનાં ચરણોમાં પડી ગયો. મુગલ મુનિએ તેને ઊભો કર્યો. ત્યારે નામા કેવટ હાથ જોડી કહેવા લાગ્યો, ‘‘હે કરૂણા મૂર્તિ , હું દુષ્ટાત્મા છું. મેં ઘણા પાપો આ જીવનભર કર્યા છે. પરંતુ હવે મારા ભાગ્યનો ઉદય થઈ રહ્યો હોઈ આપના દર્શનની પ્રાપ્તિ થઈ છે. આપના દર્શન થતાં જ મારા હાથમાંથી જે હથીયાર પડી ગયા છે તે હવે ફરી આ હાથમાં નહીં આવે. હવે મારૂ જીવન કલ્યાણમય બને તે માટેનું માર્ગ બતાવો.’’ આમ કહી તે ફરી મુદગલ મુનિનાં ચરણોમાં પડી ગયો. તેની આંખોમાંથી આશુઓ વહેવા લાગ્યા. ફરી મુદગલ મુનિએ તેને ઊભો કરી તેના મસ્તક ઉપર હાથ ફેરવી તેને ॥ ૐ ગમ્ ગણપતયે નમઃ ॥ એ મંત્રની દીક્ષા આપી. તેમજ મુદગલ મુનિએ એક સુકી લાકડીને ત્યાં એક ખાડો કરી તેમાં રોપી નામા કેવટને કહ્યું, ‘‘તારે મેં દિધેલા મંત્રનાં એકાગ્રતાથી સતત જાપ કરતાં રહેવાની સાથે સાથે સવાર-સાંજ મેં રોપેલી આ લાકડીને પાણી દેતા રહેવાનું. જ્યારે તેમાં પાન ફૂટશે ત્યારે હું અહીં પાછો આવીશ. ત્યાં સુધી મેં આપેલા મંત્રમાં શ્રધ્ધા રાખી તેનાં જાપ કરતો રહેજે.’’ આ પ્રમાણે આજ્ઞા આપી મુદગલ મુનિ તો ત્યાંથી ચાલ્યા ગયા. શ્રધ્ધા પૂર્વક સતતા ૐ ગમ્ ગણપતયે નમઃ એ મંત્રનો જાપ કરતાં, અને સુકી રોપેલી લાકડીને પાણી પાતાએ નામા કેવટ પોતાની પત્ની-બાળકો તથા સંસારની બધી જ માયા ભૂલી જઈ શ્રી ગણપતિજીમય બન્યો. ત્યારે એક દિવસ એ રોપાયેલી સુકી લાકડીમાં લીલાછમ પાન ઉગ્યા. બીજી બાજુ મુદગલ મુનિ આવ્યા. તેમજ ત્યાં સાક્ષાત ગણપતિજી પણ પ્રગટ થયા. સતત તપને કારણે નામા કેવટને મસ્તકનાં મધ્ય ભાગ ભ્રકુટીમાંથી સૂંઢ નિકળી આવી હતી. આથી મુગલ મુનિ અને ગણપતિજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરનાર નામા કેવટનું નામ મુદગલ મુનિએ ભૃશુન્ડી(ભ્રકૂટીમાં સૂંઢ છે તે) પાડ્યું. ગણપતિજી અને મુદગલ મુનિએ તેમને અનેક વરદાન આપ્યા. તેથી ભ્રુશુન્ડીજીનાં દર્શનાર્થે ઈન્દ્ર વગેરે દેવો આવ્યા અને પોતાના જીવનની ધન્યતા અનુભવવા લાગ્યા. આમ, ઘોર પાપી નામા કેવટ ભગવાન શ્રી ગણપતિજીને પ્રસન્ન કરી જગતમાં મહાન ભૃગુન્ડીના નામથી પ્રસિધ્ધ થઈ એક કલ્પ સુધી જગતમાં પૂજનીય રહ્યાં.



**ગણેશ ગુણગાન**
**કનકચંદ્ર છગનલાલ વ્યાસ, દેવેન કે.વ્યાસ**

## વિઘ્નનાશ માટેનું ગણપતિ સ્ત્રોત

શ્રી રાધિકોવાત ઉપર ધામ ઉપર બ્રહ્મ પરેશં પરમીશ્વરમ,
વિઘ્ન નિઘ્નકરં શાન્તં પુષ્ટં કાજામનન્તકમ.
સુરા સુરેન્દ્રૈ સિધ્ધેન્દ્રૈ સ્તુતં સ્તૌમિ પરાત્પરમ્,
સુરપદમ દિનેશં ચ ગણેશં મહ્ઃ લાયનમ્.
ઈદં સ્તોત્રં મહાપુણ્યં વિઘ્ન શોકહરં પરમ.,
યઃ પઠેત પ્રાતરૂત્થાય સર્વ વિઘ્નાન્ પ્રમુચ્યે

અર્થ : શ્રી રાધિકાએ કહ્યું - જે પરમધામ, પરમબ્રહ્મ, પરેશ, પરમ ઈશ્વર, વિઘ્નોના વિનાશક, શાંન્ત, પુષ્ટ, મનોહર અને અનન્ત છે ; પ્રધાન - પ્રધાનસુર, અસુર અને સિધ્ધ જેમનું સ્તવન કરે છે ; દેવરૂપી કમળ સૂર્ય અને મંડલોના આશ્રય સ્થાન છે તે પરાત્પર ગણેશજીની હું સ્તુતિ કરૂ છું. આ ઉત્તમ સ્ત્રોત મહાન પૂણ્યમય તથા વિઘ્ન તથા શોકનો નાશ કરનાર છે. જે કોઈ પ્રાતઃકાળ ઉઠને આ સ્ત્રોતનો પાઠ કરે છે તે સંપૂર્ણ વિઘ્નોથી વિમૂકત થઈ જાય છે.

નોંધ : બ્રહ્મ વૈવર્તપુરાણના શ્રી કૃષ્ણ જન્મખંડમાંથી લેવામાં આવેલ આ શ્રી ગણપતિ - સ્ત્રોત શ્રી રાધિકા દ્વારા રચાયેલું છે. જે શીઘ્ર ફળદાયી નીવડે છે.

# અદાણી ઓક્ટોબરમાં એનડીટીવીમાં વધુ ૨૬ ટકા હિસ્સો ખરીદવા માટે ઓપન ઓફર કરશે

**ઓપનઓફરમાં ૧.૬૭ કરોડ ઈક્વિટી શેરની ખરીદી કરાશે દરેક શેરની કિંમત આશરે ૨૯૪ રૂપિયા હશે. આ ઓફર ૧ નવેમ્બરે સમાપ્ત થશે જે. એમ. ફાઈનાન્શિયલ કંપની દ્વારા આ માહિતી આપવામાં આવી હતી**



નવી દિલ્હી તા.૩

અદાણી ગ્રુપ મીડિયા સેક્ટરમાં તેની હાજરીને મજબૂત કરવા એનડીટીવી (નવી દિલ્હી ટેલિવિઝન)ને હસ્તગત કરવાની તૈયારીમાં છે. ગૌતમ અદાણી વિશ્વના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ બન્યા બાદ આ પ્રક્રિયા વધુ રસપ્રદ બની છે. એનડીટીવી વતી સેબીના અગાઉના આદેશનો ઉલ્લેખ કરીને એવું કહેવામાં આવ્યું છે કે હાલમાં સેબીના નિર્દેશો હેઠળ કંપનીના હિસ્સામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, જો કે અદાણી જૂથ દ્વારા આ જવાબ આપવામાં આવ્યો છે કે આ ડીલને સેબીના નિર્દેશથી કોઈ સરોકાર નથી. આ મામલે મોટું પગલું ભરતા અદાણી ગ્રુપે હવે ઓપન ઓફરની જાહેરાત કરી છે. અદાણી ગ્રુપે એનડીટીવીમાં વધારાનો ૨૬ ટકા હિસ્સો ખરીદવા માટે ૧૭ ઓક્ટોબરે ઓપન ઑફર લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ ઓપન ઓફર જેએમ ફાઈનાન્શિયલ નામની કંપની લોન્ચ કરશે. આ ઓપન ઑફર ૧૭ ઓક્ટોબરે શરૂ થશે અને ૧ નવેમ્બરે બંધ થશે. આ ઓપન ઓફર દ્વારા કંપની એનડીટીવી ગ્રુપના ૧.૬૭ કરોડ શેર ખરીદવાનો પ્રયાસ કરશે. જેમાં દરેક શેરની કિંમત ૨૯૪ રૂપિયા હશે. જો ઓફર આ કિંમતે સંપૂર્ણ સબસ્ક્રાઈબ કરવામાં આવે છે, તો તેની કુલ રકમ ૪૯૨.૮૧ કરોડ રૂપિયા થશે. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે અદાણી ગ્રુપે એનડીટીવી મીડિયા ગ્રુપના ૨૯.૧૮ ટકા શેર આડકતરી રીતે ખરીદવાની જાહેરાત કરી હતી. એનડીટીવીએ સ્ટોક એક્સચેન્જને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે, ૨૭ નવેમ્બર, ૨૦૨૦ના રોજ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ પ્રમોટર્સ પ્રણય અને રાધિકા રોયને સિક્યોરિટી માર્કેટમાં શેર ખરીદવા અને વેચવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધ ૨૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ સમાપ્ત થશે. જ્યાં સુધી પેન્ડિંગ અપીલની કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી સૂચિત હસ્તગત કરનારને પ્રમોટર જૂથના ૯૯.૫ ટકા શેર માટે સેબીની મંજૂરીની જરૂર પડશે એમ કંપનીએ જણાવ્યું હતું. એનડીટીવીમાં ૨૯.૧૮ ટકા હિસ્સો હસ્તગત કરનાર અદાણી જૂથે જણાવ્યું હતું કે તે વધારાનો ૨૬ ટકા હિસ્સો ખરીદવા માટે ઓપન ઓફર કરશે. તેના ઉપર એનડીટીવીએ કહ્યું હતું કે અદાણી ગ્રુપને ઓપન ઓફર લાવવાથી રોકવું જોઈએ.

**ડિજિટલ ઈન્ડિયાને દરેક ગામ સુધી પહોંચતું કરવાની સરકારની નેમ : સીએમ**

# રાજ્યના ૪૦૦૦ ગામડામાં વાઈ-ફાઈની ફ્રી સુવિધા પહોંચતી કરવામાં આવશે

**બે દાયકા પૂર્વે વીજળી-પાણી-રસ્તાના અભાવે ઉદ્યોગો તાલુકા-ગ્રામ્યમાં પહોંચ્યા ન હતા**

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના પ્રજાજનોની જનસુખાકારી અને જનસુવિધાના રૂ. ૬૨.૮૨ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત-લોકાર્પણ કરતાં જણાવ્યું હતુ કે ડિજિટલ ઈન્ડિયાને દરેક ગામ સુધી પહોંચતું કરવાની નેમ છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાન અંતર્ગત રાજ્યના ૪૦૦૦ ગામમાં ફ્રી વાઈ ફાઈની સુવિધા પહોંચતી કરવામાં આવશે. આ હેતુસર રાજ્યના આ વર્ષના બજેટમાં પ્રાવધાન કરવામા આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડીજીટલ ઈન્ડિયાના સપનાને સાકાર કરવામાં ગુજરાતે આગેવાની લીધી છે, તેમ જણાવતા તેમણે ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન મોદીએ શરૂ કરેલી ગુજરાતના વિકાસની યાત્રા અમે છેવાડાના સામાન્ય માનવીને કેન્દ્રમાં રાખીને આગળ વધારી રહ્યા છીએ. ગુજરાતને છેલ્લા આઠ વર્ષથી ડબલ એન્જીન સરકારનો લાભ મળી રહ્યો છે. જેને પરિણામે ગુજરાત બમણી સ્પીડે આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, છેવાડાના માનવી સુધી યોજનાના લાભોની સાથે વિકાસનું કાર્ય પહોંચે તેનો સંનિષ્ઠ પ્રયાસ સરકાર કરી રહી છે. સરકારે છેવાડાના અંતરિયાળ વિસ્તારો સુધી રસ્તા, વીજળી, પાણી સહિતની અનેકવિધ પ્રાથમિક અને આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. દરેક તાલુકા અને છેવાડાના ગામ સુધી વિકાસ પહોંચ્યો હોવાનું જણાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, બે દાયકા પૂર્વે રાજ્યમાં રસ્તા, વીજળી, પાણી જેવી પાયાની સુવિધાના અભાવે ઉદ્યોગ ધંધા તાલુકા - ગ્રામ્ય કક્ષાએ પહોંચ્યા નહોતા અને ઉદ્યોગોનો વિકાસ રૂંધાયો હતો. તે આ સરકારે ખૂટતી કડીઓ જોડી દૂર કર્યો છે. તેમણે ઉમેર્યું કે, કોવિડ મહામારી બાદ ગુજરાત રાજ્યે સૌથી મોટું બજેટ આપ્યું છે. નીતિ આયોગ પ્રમાણે દેશભરમાં ગુજરાત નાણાંકીય વ્યવસ્થાપનમાં પ્રથમ ક્રમાંકે છે અને તીવ્ર ગતિથી આગળ ધપી રહ્યું છે. આ તકે મુખ્યમંત્રીએ ઈતકતી અનાવરણ દ્વારા ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના અંદાજિત રૂપિયા ૬૨.૮૨ કરોડના ૭૨ વિકાસ કામો ખાતમુહૂર્ત - લોકાર્પણ કર્યા હતા.

# વર્ગ ઘટાડાના હિયરિંગથી રાજ્યના ૧ હજાર શિક્ષકો નોકરી વગરના થશે

**સંચાલક મંડળ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખી હિયરિંગ રોકવા માંગણી કરી**

અમદાવાદ, તા.૩

રાજ્યની શાળાઓના વર્ગ ઘટાડા માટેનું હિયરીંગ રોકવા માટે સંચાલક મંડળ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખ્યો છે. જો વર્ગ ઘટાડાની કાર્યવાહી કરવામાં આવશે તો રાજયના ૧ હજાર જેટલા શિક્ષકો નોકરી વગરના થશે તેવી ભિતી વ્યક્ત કરવામાં આવી છે. કોરોના કાળના લીધે રાજ્ય બહાર ગયેલા લોકો હજુ તેમના બાળકોને અભ્યાસ માટે રાજ્યમાં લાવ્યા નથી, જેથી વર્ગ સંખ્યા ઘટાડો યથાવત્ રાખવા જણાવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના શાળા સંચલાક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે રાજયના શિક્ષણમંત્રીને પત્ર લખી ચાલુ વર્ષે વર્ગ ઘટાડાનું હિયરીંગ રોકવા માટે રજૂઆત કરી છે. જો, વર્ગ ઘટાડાનું હિયરીંગ રોકવામાં નહીં આવે તો ૧ હજાર જેટલા શિક્ષકો નોકરી વગરના થઈ જશે તેવી ભિતી છે. કોરોનાની અસર આગામી વર્ષોમાં પણ ચાલુ રહી શકે છે ત્યારે વર્ગની ૬૦ વિદ્યાર્થી સંખ્યાને ૩૦ ટકા કપાત કરીને ૪૦ કે ૪૫ વિદ્યાર્થી સંખ્યા નિયત કરીને ૨૦૨૦- ૨૧ અને ૨૦૨૧-૨૨ બે વર્ષ માટે તેના ૩૫ ટકા કપાત ગણતા શહેરી વિસ્તારમાં ૧ વર્ગ હોય ત્યાં ૨૫ વિદ્યાર્થી અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ વિદ્યાર્થી સંખ્યા નિયત થવી જોઈએ ૨૦૨૨-૨૩ના શૈક્ષણિક વર્ષમાં જે તે જિલ્લામાં થઈ ગયેલા વર્ગ ઘટાડાના હિયરીંગ-વર્ગબંધ કરવાના હુકમ અને હવે થનારા હિયરીંગ તમામ કાર્યવાહી નવા હુકમ ન આવે ત્યાં સુધી સ્થગિત કરવા માટે પણ સુચના આપવા માટે પત્રમાં રજૂઆત કરવામાં આવી છે. વર્ગની પ્રથમ ૩૦ ટકા કપાત એક્ટની જોગવાઈ અનુસાર, વર્ગખંડને ધ્યાને રાખીને કરવામાં આવી છે અને બીજી ૩૫ ટકા કપાત દો ગજ કા અંતરના વડાપ્રધાનના નિવેદનને રાખીને કરવામાં આવી છે. આમ, ગ્રામ્યમાં ૧ વર્ગે ૧૮ અને ૨ વર્ગે ૪૦+૧૮ એમ ૫૮ સંખ્યા જરૂરી છે. જ્યારે શહેરી વિસ્તારમાં ૧ વર્ગે અને બે વર્ગ હોય તો ૪૦+૨૫ એમ ૬૫ વિદ્યાર્થી સંખ્યા જરૂરી છે. રાજય શાળ સંચાલક મંડળદ્વારા પાંચ વર્ષ માટે વર્ગોની વિદ્યાર્થી સંખ્યા ઘટાડવા માટે લેખિત રજૂઆત કરી હતી. જોકે, ફક્ત એક જ વર્ષ માટે સંખ્યા ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે, જે તાર્કિક રીતે યોગ્ય ન હોવાનું સંચાલક મંડળ દ્વારા જણાવાયુંછે. ધોરણ-૯ અને ૧૧માં જો ૧૮ અને ૨૫ સંખ્યા હોય તો નવા વર્ષ એટલે કે ૨૦૨૨-૨૩માં આ જ સંખ્યા ધોરણ ૧૦ અને ૧૨મા જશે તેમાં કોઈ શંકા નથી, જેથી વિદ્યાર્થી સંખ્યાનો ઘટાડો અન્ય વર્ષ માટે પણ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# રાફેલ ડીલ : ખરીદી રદ કરવા અને તપાસનો આદેશ કરવાની માંગ કરતી અરજી પાછી ખેંચવા સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી

નવી દિલ્હી તા.૩

સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં કોર્ટની દેખરેખ હેઠળની સ્વતંત્ર તપાસની નવી અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ફ્રાન્સની એજન્સીના રિપોર્ટના આધારે રાફેલ ડીલની તપાસની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો છે. તમને જણાવી દઈએ કે રાફેલની ખરીદીમાં ભ્રષ્ટાચારને લઈને ફ્રેન્ચ પોર્ટલના દાવાને લઈને અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં કોર્ટની દેખરેખ હેઠળ સ્વતંત્ર તપાસ માટે આદેશની માંગ કરવામાં આવી હતી. મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિત અને ન્યાયાધીશ એસ રવિન્દ્ર ભટની બેન્ચે એડવોકેટ એમએલ શર્મા દ્વારા દાખલ કરેલી પીઆઈએલની સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે અરજીને ફગાવી દેતા કહ્યું કે અરજદાર દ્વારા સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ માટે કોઈ કેસ કરવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ એડવોકેટ એમએલ શર્માએ બીજી વિનંતી કરી અને અરજી પાછી ખેંચવાની પરવાનગી માંગી. તે જ સમયે, સુપ્રીમ કોર્ટે, બાદમાંની વિનંતીને સ્વીકારતા, આદેશમાં ફેરફાર કર્યો અને અરજીને ફગાવી દીધી. સીજેઆઈ યુયુ લલિત અને જસ્ટિસ એસ રવિન્દ્ર ભટે એડવોકેટ એમએલ શર્માને જણાવ્યું હતું કે કોર્ટ અરજી ઉપર ધ્યાન આપવા ઈચ્છતી નથી. ખંડપીઠે કહ્યું કે આ કોર્ટની દખલગીરીનો કોઈ મામલો બનતો નથી. ચીફ જસ્ટિસે શર્માને કહ્યું કે કોર્ટે અરજી ફગાવી દેવાનો આદેશ પહેલેથી જ પસાર કરી દીધો છે. સાથે જ શર્માએ કહ્યું કે તેઓ આ મામલે સીબીઆઈ પાસે જશે. જેના ઉપર સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમને કોઈ રોકી રહ્યું નથી. અરજીમાં રાફેલ ફાઈટર જેટ ડીલમાં ૧૦ લાખ યુરોની કથિત લાંચ માટે છેતરપિંડી, વિશ્વાસ ભંગ અને ગુનાઈત કાવતરાના આરોપમાં કથિત વચેટિયા સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. શર્માએ આ મહિનાની શરૂઆતમાં પ્રકાશિત ફ્રેન્ચ ઓનલાઈન મેગેઝિન મીડિયાપાર્ટના અહેવાલોને ટાંક્યા હતા.

# પૂર્વ CJI એન.વી.રમન્નાએ નાગરિક સ્વતંત્રતાઓ સાથે ઊભા રહેવાની ઐતિહાસિક તક ગુમાવી

**તેમના કાર્યકાળ દરમ્યાન સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાના પડકારો, ચૂંટણી બોન્ડની કાયદેસરતા અને CAA સહિત રાષ્ટ્રીય મહત્ત્વના ઘણા મામલાઓ ઉપર નિર્ણય લેવામાં નિષ્ફળ ગઈ હતી**

ભારતના રાષ્ટ્રપતિએ જસ્ટિસ યુ.યુ. લલિતને ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ (‘CJI’) તરીકે નિયુક્ત કર્યા. હાલના CJI, જસ્ટિસ એન.વી. રમન્ના, ૨૬ ઓગસ્ટે તેમના ૧૬ મહિનાના કાર્યકાળના અંત સાથે નિવૃત્ત થયા.

જસ્ટિસ રમન્નાનો કાર્યકાળ અનેક ઊંચા અને નીચા બનાવો દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યો છે. CJI ઓફિસમાં તેમની ઉન્નતિથી ઘણી આકાંક્ષાઓ અને અપેક્ષાઓ હતી, જેમાંથી કેટલીક તેમણે પ્રશંસનીય રીતે પૂર્ણ કરી છે. તેમણે સર્વોચ્ચ અદાલતમાં નવ ન્યાયાધીશોની ઐતિહાસિક નિમણૂંકથી લઈને ઉચ્ચ અદાલતોમાં સતત નિમણૂંકો સુધી ઉચ્ચ ન્યાયતંત્રમાં ખાલી જગ્યાઓ ભરવા માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા છે. તેમણે ન્યાયિક માળખાને આગળ વધારતી નીતિઓ અપનાવવાની દિશામાં પણ પગલું ભર્યું છે - જેમાં નેશનલ જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓથોરિટી ઓફ ઈન્ડિયાની સ્થાપના માટે હિમાયત (આખરે, અસફળ થયું) અને પત્રકારો માટે સુપ્રીમ કોર્ટની કાર્યવાહીમાં વર્ચ્યુઅલ એક્સેસ પ્રદાન કરવા ઈ-કોર્ટ મોબાઈલ એપ્લિકેશન માટેની તેમની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે.

કોવિડ રોગચાળાની વચ્ચે તેમનું કાર્ય પ્રશંસનીય રહ્યું છે, અને ન્યાયતંત્રને મજબૂત કરવા માટે કરવામાં આવેલા કામ માટે તેઓ તમામ પ્રશંસાને પાત્ર છે. અગાઉના CJI, દીપક મિશ્રા, રંજન ગોગોઈ અને એસ. એ. બોબડેનો કાર્યકાળ ન્યાયતંત્ર માટે મુશ્કેલ હતો. ન્યાયતંત્ર અને સર્વોચ્ચ અદાલતમાં લોકોના વિશ્વાસના ઘટાડાને પૂર્વવત્ કરવા માટે ન્યાયાધીશ રમન્ના ઉપર વિશ્વાસ કરવામાં આવ્યો હતો, જેની બંધારણના મુસદ્દા દ્વારા નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટેના પાયા તરીકે પરિકલ્પના કરવામાં આવી હતી. ન્યાયતંત્રના ખોવાયેલા ગૌરવને પુનઃ સ્થાપિત કરવાની આ શોધમાં CJI રમન્ના ક્યાં સુધી આગળ વધ્યા? સામાન્ય રીતે, ન્યાયાધીશને તેમના ચુકાદાઓ દ્વારા ‘ઓળખવામાં’ આવે છે - પરંતુ CJIના કિસ્સામાં, જેઓ માસ્ટર ઓફ રોસ્ટર (એમઓઆર)ની પ્રચંડ શક્તિનો આનંદ માણે છે, ત્યારે સૂક્ષ્મ લખાણ વાંચવું આવશ્યક છે. રોસ્ટરના માસ્ટરની શકિત શું છે? સર્વોચ્ચ અદાલતના CJI તરીકે નિયુક્ત ન્યાયાધીશને વધારાની વહીવટી સત્તાઓ મળે છે - આ સત્તાઓ અસાધારણ હોય છે. તેમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો વચ્ચે કેસોની સૂચિ અને તેમની સોંપણી નક્કી કરવાની સત્તાનો સમાવેશ થાય છે. મુખ્ય ન્યાયાધીશોના સમગ્ર કાર્યકાળ દરમ્યાન એક વસ્તુ જે સતત રહી છે તે તેની અસ્પષ્ટતા અને ઉદ્દેશ્યના અભાવ માટે માસ્ટર ઓફ રોસ્ટર પાવરની ટીકા છે. તે ધૂંધળા પટલ જેવું છે જે પરોક્ષ રીતે કંઈક કરવાની શક્તિઓ પ્રદાન કરે છે જે કોઈ પ્રત્યક્ષ રીતે કરવાનું પસંદ ન કરે. મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા, રંજન ગોગોઈ અને એસએ બોબડેનો કાર્યકાળ વધુને વધુ કારોબારી તરફ ઢળતો ગયો. એવી અપેક્ષાઓ હતી કે જસ્ટિસ રમન્ના આ વલણને સુધારશે. જો કે, ધી લીફલેટ પરના અગાઉના અહેવાલમાં, ન્યાયમૂર્તિ રમન્નાએ CJI તરીકેનો કાર્યભાર સંભાળ્યો તે પહેલાં, એક પત્રકારે આગાહી કરી હતી કે (CJI રમન્નાનો) કાર્યકાળ શાંત રહેશે. તે ન્યાયતંત્ર વતી કારોબારી સામે ટકોર નહીં કરે.” હાલમાં અનેક મહત્વના કેસો કોર્ટમાં પડતર છે. CJI તરીકે જસ્ટિસ રમન્નાની નિમણૂંકની એક વર્ષની વર્ષગાંઠ ઉપર, વકીલ અને કાયદાકીય વિદ્વાન ગૌતમ ભાટિયાએ ધ્યાન દોર્યું હતું કે તેમના કાર્યકાળમાં “એક પણ મહત્વપૂર્ણ પેન્ડિંગ બંધારણીય કેસનો નિર્ણય લેવામાં આવ્યો નથી.” રાષ્ટ્રીય મહત્વના ઘણા કેસો કોલ્ડ સ્ટોરેજમાં છે - જેમાં બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવા માટેના બંધારણીય પડકારો (છેલ્લે માર્ચ ૨, ૨૦૨૦ના રોજ સૂચિબદ્ધ), ચૂંટણી બોન્ડની કાયદેસરતા (છેલ્લે માર્ચ ૨૬, ૨૦૨૧ના રોજ સૂચિબદ્ધ), અને નાગરિકતા (સુધારો) અધિનિયમ, ૨૦૧૯ (છેલ્લે જૂન ૧૫, ૨૦૨૧ના રોજ સૂચિબદ્ધ).

એક આશ્ચર્યજનક પગલામાં, CJI રમન્નાની આગેવાની હેઠળની બેન્ચે ઓક્ટોબરમાં મુખ્ય રાજકીય વિરોધીઓ અને ટીકાકારોની લક્ષ્યાંકિત દેખરેખ માટે કેન્દ્ર સરકાર દ્વારા પેગાસસ નામના ઈઝરાયેલી સ્પાયવેર સોફ્ટવેરના કથિત કુખ્યાત ઉપયોગની તપાસનો આદેશ આપ્યો હતો. બેન્ચે નોંધ્યું હતું કે સરકાર રાષ્ટ્રીય સુરક્ષાની આડમાં દર વખતે “ફ્રી પાસ” મેળવી શકતી નથી અને ન્યાયતંત્રને મૂકપ્રેક્ષક તરીકે રજૂ કરી શકે છે. જો કે, આવા હસ્તક્ષેપો ધોરણને બદલે અપવાદરૂપ સાબિત થયા છે. સત્તાધારીઓની જબરદસ્તીભરી ક્રિયાઓ દ્વારા નાગરિક અધિકારોના રદ્દીકરણને તાત્કાલિક રાહતની જરૂર છે. વરિષ્ઠ એડવોકેટ અરવિંદ પી. દાતારે ટિપ્પણી કરી છે કે કારોબારીના નિર્ણયને પાછું ખેંચવું વધુને વધુ મુશ્કેલ બનતું જાય છે કારણ કે વર્ષો પસાર થઈ જાય છે, માત્ર કલમ ૩૭૦ના સંદર્ભમાં જ નહીં, પરંતુ અન્ય સંવેદનશીલ મુદ્દાઓ ઉપર પણ. વિવિધ નાગરિકોના નાગરિક અધિકારો વચ્ચે સુપ્રીમ કોર્ટના ન્યાયના ચક્રો દ્વારા ભેદભાવ તાજેતરમાં સ્પષ્ટ થયો છે. દાખલા તરીકે, કોર્ટે હરિદ્વાર ‘ધર્મ સંસદ’ અપ્રિય ભાષણ કેસમાં એક આરોપીને ત્રણ મહિનાથી વધુના વચગાળાના જામીન આપ્યા હતા, જેમાં લઘુમતી ધાર્મિક સમુદાયો વિરૂધ્ધ નરસંહારના આરોપોનો સમાવેશ થાય છે. બીજી તરફ, જૂનમાં ગુજરાત રમખાણોના કેસમાં કોર્ટના ચુકાદામાં અવલોકનો હતા જેના કારણે કાર્યકર અને પત્રકાર તિસ્તા સેતલવાડ સામે ફોજદારી કેસની રચના અને ધરપકડ કરવામાં આવી હતી. અત્યારે, સેતલવાડના કેસને ઉઠાવવો નથી, પરંતુ શું સુપ્રીમ કોર્ટ માટે તે યોગ્ય છે કે તે પોતે નક્કી કરે કે કોની ધરપકડ કરવી જોઈએ અને શા માટે, અને શું તે અદાલતના તિરસ્કારના કેસ સિવાય સુપ્રીમ કોર્ટનું અધિકારક્ષેત્ર પણ છે કે નહીં? વધુમાં, CJI રમન્નાની દેખરેખ હેઠળ, સુપ્રીમ કોર્ટે, એવા ચુકાદાઓ આપ્યા છે કે જે નાગરિક સ્વતંત્રતાઓ માટે ન પૂરી શકાય તેવી અસરો ધરાવે છે. ગયા મહિને તેના હિમાંશુ કુમારના ચુકાદામાં, જસ્ટિસ એ.એમ. ખાનવિલકર અને જે.બી. પારડીવાલાની બનેલી સર્વોચ્ચ અદાલતની ડિવિઝન બેન્ચે એ અરજીને ફગાવી દીધી હતી, જેમાં છત્તીસગઢમાં સુરક્ષા દળો દ્વારા આદિવાસી વ્યક્તિઓની કથિત અન્યાયી હત્યાની સ્વતંત્ર તપાસની માંગ કરવામાં આવી હતી. આ કિસ્સામાં, બેન્ચના કેટલાક અવલોકનોએ લોક અદાલત તરીકે સર્વોચ્ચ અદાલતની છબી ઉપર ભારે અસર કરી હતી - બેન્ચે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૧૧ (ઈજા કરવાના ઈરાદાથી કરાયેલા ગુનાનો ખોટો આરોપ)નો ઉપયોગ કરવાનો સંકેત આપ્યો હતો અને અરજદાર ઉપર પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. તેમના કાર્યકાળ દરમ્યાન સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાના પડકારો, ચૂંટણી બોન્ડની કાયદેસરતા અને CAA સહિત રાષ્ટ્રીય મહત્ત્વના ઘણા મામલાઓ પર નિર્ણય લેવામાં નિષ્ફળ ગઈ હતી. પૂર્વ CJI એન.વી.રમન્નાએ નાગરિક સ્વતંત્રતાઓ સાથે ઊભા રહેવાની ઐતિહાસિક તક ગુમાવી CJI રમન્નાએ, વિવિધ ઉદાહરણોમાં, તંદુરસ્ત રાજકીય પ્રવચનના મહત્વ અને ભારતમાં વિરોધના સારનું સ્મરણ કર્યું છે. તાજેતરમાં, રાજસ્થાન વિધાનસભામાં સંસદીય લોકશાહીના ૭૫ વર્ષને સંબોધિત કરતી વખતે, તેમણે નોંધ્યું હતું કે, “રાજકીય વિરોધ દુશ્મનાવટમાં પરિવર્તિત થાય છે. તે સ્વસ્થ લોકશાહીની નિશાની નથી. વિપક્ષની જગ્યા ઘટી રહી છે. એક પ્રતિનિધિ લોકશાહી અસરકારક પ્રતિનિધિત્વ વિષે તે એ છે કે જ્યાં લઘુમતી બહુમતીના દબાણ હેઠળ ન હોય. ખરેખર, CJIના શબ્દો ભવિષ્યવાણીથી ઓછા નથી. જો કે, જેમ કે CJI રમન્નાની નિમણુંકની એક વર્ષની વર્ષગાંઠ ઉપર ભાટિયાએ સોશિયલ મીડિયા પર ધ્યાન દોર્યું, “કાયદાના શાસન ઉપર ઘણા સેમિનારો આપવામાં આવ્યા છે. કાયદાના સમાન શાસન ઉપર ઘણા બુલડોઝર ચાલ્યા છે.”

ચાલો આપણે કોર્ટની કાર્યવાહી દ્વારા CJIની ભવિષ્યવાણીના શબ્દોને સમજીએ. જયારે દેશમાં રાજકીય વિપક્ષની ઘટતી જતી જગ્યાની વાત આવે છે, ત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સત્તાના સ્તરે સત્તાધારી પક્ષ માટે વિપક્ષી પક્ષોને અંકુશમાં લેવા માટે એક સરળ સાધન છે. આ વર્ષની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં જાહેર કરાયેલ ડેટા દર્શાવે છે કે ૨૦૧૧થી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (‘PMLA’) હેઠળ દરોડા અને ચોક્કસ તપાસ દર વર્ષે હજારોની સંખ્યામાં બમણી અને ત્રણ ગણી થઈ હતી, ત્યારે માત્ર નવ કેસોમાં આરોપીઓને દોષિત ઠરાવવામાં આવ્યા હતા. કોર્ટે PMLA સામેના પડકારોને સમર્થન આપ્યું હતું તેના ૨૦૧૯ સુધારા પછી જેણે તેને વધુ કઠોર બનાવ્યું છે. આ કઠોર અધિનિયમની સર્વોચ્ચ અદાલતની પુષ્ટિ માત્ર રાજ્યનિયંત્રિત ઉત્પીડન અને યોગ્ય પ્રક્રિયાને અવગણવાની મંજૂરી આપે છે, જે આખરે કાયદાના શાસનને નુકસાન પહોંચાડે છે. લઘુમતી સંરક્ષણ



વિષેના તેમના ભાષણના બીજા ભાગમાં, ચાલો ‘ધર્મ સંસદ’ કેસમાં આપવામાં આવેલા જામીનને યાદ કરીએ, જ્યારે કાયદાના શાસનથી દૂર ઘણા નાગરિક અધિકાર કાર્યકરો અને પત્રકારો જેલમાં બંધ છે. ઉપરાંત, ઝછછ સામેના પડકારોની અનિર્ણિત અવસ્થાને યાદ કરો - કાયદો જે બહુમતી તુષ્ટિકરણના એકમાત્ર આધાર ઉપર લાવવામાં આવ્યો હતો, અને તરત જ તેને ભારતમાં મુસ્લિમ લઘુમતી માટે ખતરો હોવાનું માનવામાં આવ્યું હતું. રસપ્રદ વાત એ છે કે, FCRA, PMLA અને ગુજરાત રમખાણોના કેસમાં વિવાદાસ્પદ ચુકાદાઓ ત્રણ જજોની એક જ બેંચ દ્વારા આપવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકેની તેમની ક્ષમતામાં CJI રમન્ના સાથે આને કોઈ લેવાદેવા નથી, પરંતુ રોસ્ટરના માસ્ટર તરીકે, એટલે કે કેસોની ફાળવણી કરવાની સત્તા તો તેમની પાસે હતી. આ શકિત ઘણા CJIના વારસા ઉપર અભિપ્રાય વ્યક્ત કરવાનું ચાલુ રાખે છે, અને MORની શક્તિમાં ખામીઓ તરફ સંકેત આપે છે. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે તાજેતરમાં આ જ ઘટના ઉપર પ્રતિબિંબિત કર્યુંઃ “હું સુપ્રીમ કોર્ટમાં ૫૦ વર્ષની પ્રેક્ટિસ પૂર્ણ કર્યા પછી આ કહી રહ્યો છું. સંવેદનશીલ કેસો માત્ર પસંદગીના ન્યાયાધીશોને સોંપવામાં આવે છે.” છેલ્લે, જ્યાં સુધી સર્વોચ્ચ અદાલતના ગૌરવને પુનઃ સ્થાપિત કરવાનો સંબંધ છે ત્યાં સુધી, અમને અમારી શંકાઓ હોઈ શકે છે -ઘર તોડી પાડવાની ઘટના અને “બુલડોઝર રાજ” યાદ કરો, જેમાં કોર્ટે નોંધપાત્ર હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો છે. નજીકના ભૂતકાળમાં જે બન્યું છે તેનાથી લોકો સર્વોચ્ચ બંધારણીય અદાલત તરફ કેવી રીતે જુએ છે તે બદલાઈ ગયું છે. અહીંનો ચુકાદો મિશ્ર છે. CJI રમન્નાએ સત્તાધારીઓની અતિશયતા ઘટાડવાનો પ્રયાસ કર્યો છે - પેગાસસ અને રાજદ્રોહના આદેશો ઉદાહરણો છે. જો કે, કોઈ એવો નિષ્કર્ષ લઈ શકાતો નથી કે તેમણે નાગરિક સ્વતંત્રતા સુનિશ્ચિત કરીને લોકશાહી ધોરણો જાળવવા માટે સક્રિયપણે કંઈક કર્યું છે.

(સૌ. : ધ નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા)

# ગુજરાતના ખેડૂતોને દવાના છંટકાવ માટે ડ્રોન ખરીદવા મળશે ૩૫ કરોડ રૂપિયાની સહાય

## દેશના વિકસિત રાજ્યોમાંના એક ગુજરાતે મહત્વનો નિર્ણય લીધો



અમદાવાદ તા.૩

સરકાર એગ્રીકલ્ચર સિસ્ટમને પણ સ્માર્ટ બનાવવા જઈ રહી છે. આ ક્રમમાં ગુજરાત સરકારે ખેતરમાં ખાતર અને જંતુનાશકોના છંટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેજણાવ્યુંહતું કે, કૃષિમાં ડ્રોન ટેક્નોલોજીઅપનાવવાથી ખાતર અને જંતુનાશક દવાઓ લાગુ કરવા જેવી પ્રવૃતિઓનો ઉકેલ આવશે અને આ રીતે આ ક્ષેત્રમાં કામદારોની અછતનો પ્રશ્ન હલ થશે. જામનગરના ધ્રોલ તાલુકાના માવાપર ગામમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર હોર્ટિકલ્ચર (CoE)નો શિલાન્યાસ કર્યા બાદ જામનગર જિલ્લાના ધ્રોલ શહેરમાં જાહેર સભાને સંબોધતા મુખ્યમંત્રીએ આ વાત કહી હતી.

ગુજરાતના મુખ્યમંત્રીએ કહ્યું કે રાજ્ય સરકારે ખેડૂતોને ડ્રોન ખરીદવામાં મદદ કરવા માટે રૂા. ૩૫ કરોડ ફાળવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખેતરમાં ખાતરનો છંટકાવ એ એક કપરી પ્રક્રિયા છે. વધુમાં, ખેડૂતોએ તેમના પાકને જીવાતોથી બચાવવા માટે જંતુનાશકોનો છંટકાવ કરવો પડે છે. સામાન્ય રીતે કામદારો ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરે છે. ડ્રોન ટેક્નોલોજી આવા તમામ કાર્યો માટે ઉકેલો આપશે. આ ઉપરાંત, ડ્રોન ટેક્નોલોજીમાં મજૂરોની અછતના મુદ્દાનો ઉકેલ શોધીશું.

મુખ્યમંત્રીએ માવાપર ખાતે બાગાયતી પાકો માટે પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્ર (PPC)નો શિલાન્યાસ પણ કર્યો હતો. તેમણે પંચમહાલના જાંબુઘોડા તાલુકાના ખાંડીવ ગામમાં બાગાયતી પાકો માટે પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્ર (PPC)નો શિલાન્યાસ પણ કર્યો હતો અને કચ્છમાં ભુજ નજીકના કુકમા ગામનો પાયો નાખ્યો. આ દરમ્યાન તેમણે કહ્યું કે અમારો ઉદ્દેશ્ય એ જોવાનો છે કે ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિ અપનાવે જેથી કરીને ખેતી વધુને વધુ નફાકારક બને અને ખેડૂતોની આવક વધે. આજે સ્થપાયેલ પ્રાથમિક પ્રોસેસિંગ કેન્દ્રએ બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન સાંકળ બનાવવા માટે રાજ્ય સરકારનું એક પગલું છે.

નોંધનીય છે કે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ આ પ્રથમ PPC છે, જે સેન્ટર ગ્રેડિંગ, સોર્ટિંગ, પેકિંગ, સ્ટોરેજ, કોલ્ડ-ચેન, પ્રાથમિક પ્રક્રિયા વગેરે જેવી સેવાઓ પ્રદાન કરશે. રાજ્યના બાગાયત વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, PPC દીઠ સરેરાશ ૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારની સાનુકૂળ નીતિઓને કારણે છેલ્લા ૨૦ વર્ષમાં બાગાયતી પાકોના ઉત્પાદનમાં અનેક ગણો વધારો થયો છે.

# રાજય સરકારનો મહત્વનો નિર્ણય : રાજયની તમામ આરોગ્ય સંસ્થાઓમાં સીનિયર સીટીઝનોને અલાયદી સુવિધાઓ અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

રાજયના વયોવૃધ્ધ-સીનિયર સીટીઝન નાગરિકોને આરોગ્યલક્ષી સુવિધાઓ સત્વરે મળીરહે એ માટે રાજ્યની તમામ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો,જીલ્લા હોસ્પિટલો તેમજ આરોગ્ય કેંદ્રો ખાતે વયોવૃધ્ધો-સિનિયર સિટિઝન એટલે કે ૬૦વર્ષથી ઉપરની વય વ્યક્તિઓ માટે આરોગ્યલક્ષી સેવાઓ માટે અલાયદી સુવિધાઓ પુરી પાડવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યાનુસાર વયોવૃધ્ધ વ્યક્તિઓ એટલે કે,૬૦ વર્ષ કે તેથી ઉપરની વયનાં લોકો માટે રાજ્યની તમામ જીલ્લાઓની સરકારી હોસ્પિટલો, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, પેટા જીલ્લા હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેંદ્રો તથા કોર્પોરેશન હસ્તકનાં અર્બન હેલ્થ સેંટરો તેમજ હોસ્પિટલો ખાતે વયોવૃધ્ધ વ્યક્તિઓ માટે જે સુવિધાઓ પુરી પાડવામાં આવનાર છે જેમાં તમામ સરકારી હોસ્પિટલો તથા આરોગ્ય કેંદ્રો ઉપર ઓ.પી.ડી., કેસબારી, ફિઝિયોથેરાપી સેંટર, લેબોરેટરી, દવા બારી વિગેરે સ્થળ ઉપર વયોવૃધ્ધ વ્યક્તિઓને મુશ્કેલી ન થાય તે માટે અલગ લાઈનની વ્યવસ્થા કરાશે જેમાં તેઓને વયોવૃધ્ધને પ્રાધાન્ય પણ અપાશે તથા શકય હોય તેવી જગ્યાએ અલાયદી ઓપીડીની વ્યવસ્થા ઉભી કરાશે. આ ઉપરાંત મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ,મ્યુ. કોર્પો. હોસ્પિટલ, જીલ્લા હોસ્પિટલ, પેટા જીલ્લા હોસ્પિટલ તથા સામુહિકઆરોગ્ય કેન્દ્રો ખાતે વયોવૃધ્ધ વ્યક્તિઓ માટે અલગ વોર્ડ પણ નિયત કરાશે. જો તેમ શક્ય ન બને તો દરેક વોર્ડમાં ઓછામાં ઓછા બે બેડ(૨-પથારી) આરક્ષિત રાખવામાં આવશે.આ તમામ સેવાઓ અગેનાં સાઈનેજ બોર્ડ પણ લગાડવામાં આવશે તેમજ જો કોઈ નિરાધાર વયોવૃધ્ધ જણાય તો સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ચલાવવામાં આવતી ૨૪□૭ એલ્ડર હેલ્પલાઈન-૧૪૫૬૭નો સંપર્ક કરી જરૂરી સહાય પણ કરાશે. આ હેલ્પલાઈન દ્વારા વૃધ્ધોને લગતા પ્રશ્નો જેવા કે સાર-સંભાળ કાળજી, સલામતી, આરોગ્યની સેવાઓ, પરામર્શ, બચાવ અને પૂર્નઃ સ્થાપનની કામગીરી પણ કરવામાં આવે છે. જેને ધ્યાને લઈ આવી કોઈ જરૂરીયાત ઉભી થાય તો તેમાં સહાય કરી સેવાઓ પુરી પડાશે.

# કેન્દ્રિય મંત્રી પિયુષ ગોયલ જીલ્લા પંચાયત ભવનના સોલાર પ્રોજેક્ટનું આજે નિરીક્ષણ કરશે



જૂનાગઢ, તા.૩ : ભારત સરકારના કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, કન્ઝયુમર અફેર્સ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન એન્ડ ટેક્સટાઈલ મંત્રી પિયુષ ગોયલ આજે તા.૩/૯/૨૦૨૨ના રોજ બપોર ૩ કલાકે જિલ્લા પંચાયત ભવનના સોલાર પ્રોજેક્ટનું નિરીક્ષણ કરવાની સાથે ૫ એમ્બ્યુલન્સને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે. ઉપરાંત જિલ્લાના શીર્ષ અધિકારીઓ સાથે વિવિધ વિકાસ અને પ્રજાલક્ષી મુદ્દે સમીક્ષા બેઠક યોજશે.

# આકસ્મિક અને ગંભીર રીતે દાઝેલા દર્દીઓને મોતના મુખમાંથી બચાવતા ડો. મયુર વાઘેલા

## સ્ટર્લિંગ હોસ્પીટલ રાજકોટના અત્યાધુનિક બર્ન્સ યુનિટમાં મળેલ તાત્કાલિક અને સંપૂર્ણ સારવારને લીધે દર્દીઓનો આબાદ બચાવ





(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩

કહેવાય છે કે, અનુભવ અને અત્યાધુનિક સારવાર ઘણા દર્દીઓ માટે વરદાન રૂપ બની જાય છે. એ વાત ખરેખર સત્ય જ છે કેમ કે, થોડા સમય પહેલા મોરબીની એક જાણીતી કંપનીમાં ટેકિનકલક્ષતિના લીધે ગેસ લીકેજ થતા ભયાનક આગ લાગી હતી જેમાં આ ત્રણેય દર્દીઓ જીતેન્દ્ર વામજા, જયેશ વરમોરા અને રવિ અદ્રોજા ૫૦ થી ૭૦ ટકા ગંભીર રીતે દાજી ગયેલ હતા જેથી તેમની સ્થિતિ ખુબજ ક્રિટીકલ બની ગઈ હતી. તેમનો ઈમરજન્સીમાં સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ ખાતે લાવવામાં આવ્યા હતા. ત્યાં તેમને સ્ટર્લિંગ હોસ્પિટલ રાજકોટનાં સિનિયર સર્જન તેમજ ટ્રોમા સર્જરીના સ્પેશ્યાલીસ્ટ ડો. મયુર વાઘેલાની સારવારમાં દાખલ કરવામાં આવ્યા. ત્રણેય દર્દીઓને મેજર બર્ન્સ હોવાને લીધે દર્દીઓની તાત્કાલિક બર્ન્સ વોર્ડનાં આઈસીયુમાં સઘન સારવાર શરૂ કરવામાં આવી છે. ત્યાર બાદ ત્રણેય દર્દીઓને આઈસીયુમાં ઘનિષ્ઠ સારવારની જરૂર પડતી હોય છે, તેથી તેમને આઈસીયુમાં ક્રિટિકલ કેર સ્પેશ્યાલીસ્ટ ડો. સંકલ્પ વણઝારા, ડો. ઝેનિથ સીણોજીયા તથા ડો. કૃતાર્થ કાંજીયા દ્વારા સર્પોર્ટિવ સારવાર આપવમાં આવી હતી. આવા ગંભીર કેસમાં સેપ્ટિક પ્રિકોશન(છર્ન્ઁષ ંીષ્ઠર્ૈહજ)નું પણ ખાસ ધ્યાન રાખવું જરૂરી હોય છે જેથી ઈન્ફેકશનનાં લીધે દર્દીનાં અન્ય ઓર્ગન્સ ફેલ ન થાય. આ કેસ વિષે વધુ માહિતી અપાતા ડો. મયુર વાઘેલા જણાવવા માંગે છે કે, અવા મેજર બર્ન્સમાં ૧૦૦માંથી માત્ર પાંચ કે સાત દર્દીઓ બચી શકે છે, અને આવા મેજર બર્ન્સનાં દર્દીઓનો સમયસર પૂરતી સારવાર ન મળે તે તેમનાં હાથ અને પગમાં ખામીઓ,(જં મેહિ ર્ઙ્ઘહૈંટ્વિર્ષ્ઠીી) પણ રહી શકે છે. પરંતુ સમયસર અને સચોટ સારવાર મળી રહેતા આવા દર્દીઓને કોઈપણ જાતની શારીરિક ખામી રહેતી નથી. જીતેન્દ્ર વામજા, જયેશ વરમોરા અને રવિ આદ્રેજાને સમયસર અને યોગ્ય સારવાર મળી રહેતા કોઈપણ જાતની તકલીફ વગર દોઢ માસ બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આવી સચોટ અને યોગ્ય સારવાર બદલ ત્રણેય દર્દી અને તેમનાં પરિવારજનો નિષ્ણાંત ડોકટર્સ અને સ્ટર્લિંગ હોસ્પિટલ રાજકોટનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ એ માત્ર એવી કોર્પોરેટ હોસ્પિટલ છે કે, જેમાં ડેઠીકેટેડ બર્ન્સ વોર્ડની સુવિધા છે, જેમાં અલગ અલગ પ્રકારનાં બર્ન્સનાં દર્દીઓને તાત્કાલિક અને યોગ્ય સારવાર અનુભવી ડોકટર્સ અને ટ્રેઈન્ડ સ્ટાફ દ્વારા મળી રહે છે. ડો. મયુર વાઘેલા છેલ્લા ૧૧ વર્ષથી સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ ખાતે સિનિયર સર્જન તથા ટ્રોમા સર્જન તરીકે કાર્યરત છે અને તેમની કારકિર્દીમાં તેમને આવા ઘણા બધા ચેલેન્જીંગ અને ગંભીર કેસો હેન્ડલ કર્યા છે અને દેશ,વિદેશનાં ૨૧૦૦૦ પ્લસ દર્દીઓની સફળતા પૂર્વક સારવાર કરી તેમને મોતનાં મુખમાંથી બચાવ્યા છે, જેમાં અલગ અલગ ઈજાઓ જેવી કે, ગનશોટ ઈન્જરી, એસોલ્ટ સ્ટેબ ઈન્જરી (તીક્ષ્ણ હથિયારથી જીવલેણ રીતો ઘવાયેલા), એસિડ પોઈઝનીંગ, દરેક પ્રકારની બર્ન્સ ઈન્જરી, એકિસડેન્ટલ વૈહીકલ ઈન્જરી અને ગંભીર લીવર ઈન્જરી જેવી ઈજાઓ પામેલ દર્દીઓની સફળતા પૂર્વક સારવાર કરી છે. આ ઉપરાંત ડો. મયુર વાઘેલા બીજી ઘણી સર્જરીઓનાં નિષ્ણાંત છે જેમ કે, સારણ ગાંઠ, પિત્તાશયની પથરી, એપેન્ડીક્ષ, લાંબા સમયથી રહેતી પેટની બિમારી, હરસ, માસ, ભગંદર, આંતરડામાં ટીબી તેમજ કેન્સરની ગાંઠ, છાતી કે ગાળામાં ગાંઠ જેવી સર્જરીઓનાં પણ તેઓ નિષ્ણાંત છે. આવી ગંભીર પરિસ્થિતિમાં જીવલેણ ઈજાઓને લીધે શરીરમાં થયેલ નુકશાનની તાત્કાલીક સારવાર માટે સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ છે વૈશ્વિક સ્તરની સુવિધાઓ જેવી કે, સુપર સ્પેશ્યાલિસ્ટ ડોકટરની સંપૂર્ણ ટીમ સાથે પોલીટ્રોમા સેન્ટર, ૬૪ બેડ ધરાવતું સૌરાષ્ટ્રનું સૌથી વિશાળ અત્યાધુનિક આઈસીયુ સેટઅપ, અત્યાધુનિક સુવિધાથી સજ્જ અલ્ટ્રા મોર્ડન ઓપરેશન થિયેટર, ફૂલટાઈમ એનેસ્થેટિસ્ટ ટીમ, ડાયાલીસીસ, એન્ડોસ્કોપી તથા બ્લડ સ્ટોરેજ રેડિઓલોજી, પેથોલોજી, ફાર્મસી આવી આવશ્યક સુવિધાઓને લીધે ઓછામાં ઓછા સમયમાં દર્દીની સારવાર સફળતા પૂર્વક કરવી શક્ય બની છે.

# કોઈની પણ સામે અશ્લીલ હરકત કરવી યૌન શોષણ, ૬૦ વર્ષના વ્યક્તિને મુંબઈ કોર્ટે સજા સંભળાવી

(એજન્સી)

મુંબઈ તા. ૩

મુંબઈની એક વિશેષ અદાલતે બાળ જાતીય શોષણના એક કેસમાં ૬૦ વર્ષીય આરોપીને દોષિત ઠેરવતા કહ્યું છે કે અન્ય વ્યક્તિની હાજરીમાં અશ્લીલ કૃત્ય કરવું તેના જાતીય ઈરાદાને સ્થાપિત કરવા માટે પૂરતું છે. સ્પેશિયલ જજ પ્રિયા બેંકર ફોર પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોકસો) એકટ ૨૯ ઓગસ્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો અને તેને એક વર્ષની જેલની સજા ફટકારી હતી.

ફરિયાદ મુજબ, જ્યારે ચાર વર્ષની પીડિત તેના ઘરની નજીક આરોપીની સિલાઈની દુકાન પર ગઈ ત્યારે તેણે જોયું કે આરોપી અશ્લીલ હરક્તો કરી રહ્યો હતો. આરોપીના વકીલે દલીલ કરી હતી કે તેણે છોકરાને દુકાનમાં પર બોલાવી ન હતી અને ના તો તે તેની પાસે ગયો હતો.

કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે એ વાત સાચી છે કે બાળકે આકસ્મિક રીતે વ્યક્તિની હિલચાલ જોઈ હતી પરંતુ આરોપીની દુકાન નાની હતી અને ત્યાંથી પસાર થતો કોઈપણ વ્યક્તિ તેની હિલચાલ જોઈ શક્તો હતો. કોર્ટે અવલોકન કર્યું કે આ ઘટનાની પીડિત, તેના પરિવારના સભ્યો અને સમાજ પર પણ ખૂબ જ પ્રતિકૂળ અસર પડી છે અને એવી ધારણા છે કે ઘર અને આસપાસના વિસ્તારો બાળકો માટે સુરક્ષિત નથી. કોર્ટે કહ્યું કે આનાથી સમાજમાં ખતરનાક સ્થિતિ સર્જાઈ શકે છે.

# પૌરાણિક વૈદિક સંસ્કૃતિ પર્વ ગણેશોત્સવ રહસ્ય અને વિશેષતા

ગણનાયક ,જ્ઞાનગન નિધાના, પૂજિત પ્રથમ, રૂપ ભગવાન/ ચોપાઈના એક ચરણ માં શ્રી ગણેશ વંદના આ રીતે કરવામાં આવે છે. ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં પુરાણો, અનેક શાસ્ત્રોમાં ઠેર ઠેર ગણપતિની મહત્તા વિષે અનેક વાતો, ઉદાહરણો સાથે રજુ થયેલી છે.૧૦ દિવસનો ગણેશ જન્મ જયંતી ઉત્સવ છે જે વિશ્વભરમાં સર્વત્ર ખુબ ઉત્સાહ પૂર્વક ઉજવાય છે.

વિદ્યા -બુદ્ધિ દેનારા, વિઘ્ન વિનાશક, મંગલકારી, રક્ષણકર્તા, મનોકામણ પૂર્ણ કરનારા, સિદ્ધિ, સમૃદ્ધિ, શક્તિ, પ્રતિષ્ઠા,દીર્ઘાયુષ્ય, શાંતિ આપનાર દેવ તરીકે પૂજનીય છે. ગણપતિનો અર્થ સંસ્કૃત કોશમાં 'ગણ' = પવિત્રક અને "પતિ" એટલે સ્વામી અર્થાત પવિત્રતાના સ્વામી એટલે ગણપતિ. વૈદિક પરંપરાનુસાર દરેક કાર્યોમાં શ્રી ગણેશ સ્થાપન -આહ્વાન પ્રથમ થાય છે. પાંચ દેવમાં ગણેશ પંચાયતમાં વચ્ચે, ઈશાન ખૂણે વિષ્ણુ,અગ્નિ ખૂણે મહાદેવ, નૈઋત્ય ખૂણામાં સુર્ય અને વાયવ્ય ખૂણામાં પાર્વતી માતાનું સ્થાપન હોય છે. ગણેશ સર્વ વિઘ્નોને દૂર કરનારા દેવ છે અને તેથી દરેક દેવતોએ ભક્તિ ભાવ સાથે ગણેશ વંદના કરેલી હોવાનો ઉલ્લેખ પુરાણો શાસ્ત્રોમાં છે .

ભાદરવા સુદ ચોથ શ્રી ગણેશનો જન્મદિવસ છે. જે ભારત અને વિશ્વભરમાં ઘેર ઘેર અને સાર્વજનિક સમૂહ આયોજન સાથે ધામધૂમથી અને શ્રદ્ધા સાથે વાજતે ગાજતે ઉજવાય છે. કોઈ દોઢ દિવસ, પાંચ દિવસ કે પોતાની શક્તિ મુજબ સ્થાપન અને વિસર્જન કરે છે. મોટે ભાગે અનંત ચૌદસના દિવસે શ્રી ગણેશ મૂર્તિનું વિસર્જન પાણીમાં કરવામાં આવે છે. ૧૦ દિવસની પૂજા સાથે અનેક સાંસ્કૃતિક કાર્યક્મો સાર્વજનિક ઉત્સવ મંડળો કરે છે અને ભેદભાવ વિના કોમી એકતાનું આગવું દર્શન થાય છે. વ્યવસ્થા અને લોક સંપર્કના માહિર લોકો નેતા બનવાના સ્વપ્ર જુએ છે.

દેવોની ગણેશ પૂજા પ્રાસંગિક હતી, તેને સામુહિક સ્વરૂપ અપાયું નહોતું. ઈતિહાસ નોંધે છે કે છત્રપતિ શિવાજી મહારાજને મારવા અફઝલખાન આવે છે, તેવી બાતમી સમર્થ સ્વામી રામદાસને મળી ત્યારે શિવાજી રક્ષણ અને વિજય માટે ગણેશ પ્રાર્થના કરતી, 'સુખકર્તા દુઃખકર્તા વાર્તા...વક્રતુંડની સ્તુતિ મરાઠીમાં લખેલી જે શિવાજી મહારાજના રાજયાભિષેક ૧૬ સપ્ટેમ્બર ૧૬૭૬ સજ્જનગઢ ખાતે રજૂ કરેલી. આજે પણ મરાઠીમાં બધે નિત્ય ગવાય છે અને સમય જતાં આરતીનું રૂપ લીધું છે.



મહારાષ્ટ્રમાં પ્રથમ ગણેશોત્સવ શિવાજી મહારાજ અને સમર્થ સ્વામી રામદાસે ભેગા મળીને ભાદરવા સુદ ચોથથી માઘ-માહ મહિનાની સુદ પાંચમી સુધી -પાંચ મહિના ચલાવેલો આ પ્રથમ ગણેશોત્સવ મનાય. ૧૮૯૨ માં મુંબઈમાં ગિરગામની ચાલીમાં કેશવજી નાયકે પ્રથમ ગણેશોત્સવ ઉજવ્યો! જેને અંગ્રેજોની હકુમત સામે સ્વત્રંતા અને સ્વરાજ મેળવવાના હેતુથી લોકમાન્ય તિલકે ધાર્મિક નહિ પણ દેશભક્તિ આઝાદી માટે સ્થાન આપી. લોક જાગૃતિ કાજ, પ્રજા સંગઠનમાટે આઝાદી સંદેશાની આપ લે માટે સાર્વજનિક સામાજિક રૂપ અને સામુહિક બળ ગણેશોત્સવને આપ્યું. લોકમાન્ય તિલકે પ્રાચીનકાળની ગણેશ પૂજાને પુર્નઃજીવત કરી વિરાટ સ્વરૂપ આપ્યું અને ત્યારથી મહારાષ્ટ્ર અને ત્યારબાદ ગુજરાત તેમજ ભારતભરમાં આ સામૂહિક સાર્વજનિક ગણેશોત્સવની પરંપરા ચાલુ થઈ. ભારતીઓ જ્યાં વસ્યા ત્યાં ત્યાં આપણી સંસ્કૃતિ, તહેવારો, ઉત્સવોની ઉજવણી કરવાનો ચીલો ચાલુ રાખતા હવે જગત આખામાં ભારતીય પર્વો હોંશે હોંશે ઉજવાય છે. આપણી હિન્દૂ સંસ્કૃતિ અને ધર્મ સર્વ વ્યાપક બન્યા એક ભવ્ય ઉત્સવ બન્યા.

મેં અમેરિકાના વસવાટ દરમ્યાન પોર્ટલેન્ડ (ઓરેગન ,સિએટલ (વોશિંગ્ટન), નોર્થ કેરોલિના આ બધામાં ભાગ લીધો છે, ગયા ૨૦૧૮ માં જ્યોર્જિયા /એટલાન્ટામાં લાલબાગના શિલ્પકારે ઘડેલી આબેહૂબ લાલબાગની પ્રતિકૃતિ ભારતથી ખાસ મંગાવી સ્થાપના. સાથે પાંચ દિવસનો ભવ્ય ગણેશ ઉત્સવ કરેલો અત્રે નોંધવું જરૂરી છે કે ગણેશ મૂર્તિઓ ખાસ ભારત -મુંબઈમાંથી મંગાવવામાં આવે છે, વિસર્જન સરઘસ અને દૈનિક પૂજાની નાની મૂર્તિનું વિસર્જન થાય છે, મોટી મૂર્તિ પૂજામાં રખાય છે .

દરેક માણસે ગણેશ મહિમા અને તેનું રહસ્ય,મહતા વિષે જાણવું જોઈએ, ચીલાચાલુ પરંપરા સાચવવાનો કોઈ અર્થ રહેતો નથી. શ્રી ગણેશ પુરાણ અનુસાર શ્રી ગણેશે જુદા જુદાં સમયે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે અવતારો ધારણ કરેલા છે સત્યયુગમાં કાશ્યપ મુનિના પુત્ર તરીકે જન્મ્યા -સિંહનું વાહન ધારણ કરેલું, ત્રેતા યુગમાં ગણેશ તરીકે જન્મલીધો અને મયૂરેશ્વર નામે પ્રસિદ્ધ થયા, તે વખતે મયુર તેઓનું વાહન હતું. દ્વાપરયુગમાં શિવપુત્ર તરીકે અવતાર લીધો અને ગજાનન નામ ધારણ કર્યું, સુંદરાસુરનો વધ કર્યો, વર્ણેય રાજાને ગણેશ ગીતા સંભળાવી, ચોથા યુગમાં એટલે કે કલિયુગમાં અશ્વ ઉપર આરૂઢ થનારા ધૂમકેતુ તરીકે અવતાર લઈને મ્લેચ્છનો નાશ કરશે એવો વર્તારો છે. ગણેશ પુરાણ મુજબ ત્રણ અવતારો થઈ ગયા, ચોથો અવતાર બાકી છે. આમ તો ગણેશના ૩૩ સ્વરૂપોની વિગત શાસ્ત્રોમાં મળે છે.

"ગ" જ્ઞાનાર્થ વાચક અને "ણ" એટલે નિર્વાણ વાચક શબ્દ - જ્ઞાનનિર્વાણ વાચક ગણના ઈશ દેવ ગણેશ,એટલે પરબ્રહ્મ છે તેને પ્રણામ કરી આશીર્વાદ મેળવવા ગણેશોત્સવ મહત્વનું શક્તિ પ્રદાન (આપનારૂં) પર્વ છે. ભક્તોના આયુષ્ય સાથે તેની મનોકામના સિદ્ધ કરી, વિઘ્નમાં અટવાયેલા કામો તેઓ પાર પાડનારા દેવ છે. ગણેશ ૐ રૂપ છે પ્રત્યક્ષ તત્વ છે, તેમજ તેઓ કર્તા બ્રહ્મા છે, "ધર્ત્તા" એટલે વિષ્ણુ છે, તો 'હર્તા ' એટલે શિવ છે તેઓ બોલનાર અને શ્રવણ કરનારા એટલે જપ કરનારા, શાસ્ત્ર, ભક્તિ સાંભળનારા અને કિર્તન સર્વનું કલ્યાણ કરે છે.

કારણકે શ્રી ગણેશ સૃષ્ટિની શરૂઆતમાં પ્રગટેલા, પુરૂષ છતાં માયાથી પર છે? તેથી યોગીઓમાં શ્રેષ્ઠ છે? દેવાદિ દેવોના,ગણોના અધિપતિ છે. ગણેશોત્સવમાં ભક્તિ શ્રદ્ધા સાથે પૂજા અર્ચના ભાવ પૂર્વક કરીએ, વ્રત, નિત્ય સ્મરણ, દર્શન, શાસ્ત્ર વાંચન કરી, તેઓના આશીર્વાદ ગ્રહણ કરી આયુષ્ય સુખાકારી, સમૃદ્ધિ, શક્તિ અને સામર્થ્ય પ્રાપ્ત કરે, આશીર્વાદ પામી જીવન ધન્યતા અનુભવીએ, જીવન સાર્થક કરીએ શાસ્ત્રોમાં તેની સવિશેષ મહત્તા દર્શાવેલી છે. શ્રી ગણેશ વાણી રૂપ ચિત્તરૂપ અને આનંદમય બ્રહ્મ સ્વરૂપ ત્રિગુણાત્મક દેવ, વિશ્વ ઉત્પન્ન કરનારા મનાય છે.

શ્રી ગણેશના શરીરના અંગો અને વપરાતાં પૂજાની વસ્તુઓ ની અર્થ સભર અગત્યતતા દર્શાવવામા આવી છે. લાલ જાસુદફૂલ ક્રાંતિનું પ્રતિક છે, ચોખા ભક્તિનો સંકેત છે અખંડ, સિંદૂર સૌભાગ્યનું સૂચક છે, ઉંદરનું વાહન નમ્રતા અને સૂક્ષ્મ નજરનું સંકેત સૂચક અને નાનામાં નાની વ્યક્તિ પણ ભક્તિથી ઈશ્વરનું વાહન બની સેવા કરી શકે છે. ઉંદર માયાનું પ્રતિક પણ છે, જો માયા પર બને તો તે કાળ ઉપર વિજય પામે છે. દુર્વા તુચ્છને પણ ભગવાન ચરણે સ્થાન મળે છે. કારણ ભાવના અને શ્રદ્ધા સાથે ભક્તિ હંમેશા મંગલ ફળ આપે છે. મોદક એટલે " મોદ "આનંદ "ક" એટલે નાનો ભાગ -પ્રસાદ મોદક આનંદ, શક્તિ, જ્ઞાન અને આશીર્વાદ પ્રદાન કરે છે.

શ્રીના શરીર બાબત સાદી સમજ વિચારીએ તો માણસે જીવનમાં કંઈક મેળવવા સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી જોઈએ. સારૂં સાંભળવા કાન ખુલ્લા રાખવા જોઈએ. ગુપ્ત વાત સંગ્રહી રાખવા તેમજ કડવાશ -કકળાટ, કંકાસ, કર્કશાને ગળેથી ગળીને પેટમાં ઉતારીને, સ્વચ્છ ચિત્ત ધારણ કરવું જોઈએ. વિચારો ઊંચા અને વિશાળ રાખવા જોઈએ, ઉચ્ચ ધ્યેય મેળવવા ખોટા અને અડચણ રૂપ તત્વો ઉપર અંકુશ રાખવો જોઈએ. ઓછું બોલવું, શુદ્ધ અસરકારક બોલવું બોલવું જોઈએ. ઈચ્છાઓ ઓછી રાખવી, સંતોષી બનવું, નજર સૂક્ષ્મ અને વેધક છતાં દૂરગામી રાખવી ફાયદાકારક છે. ભાવાર્થ દરેકે સમજવો જોઈએ. જેથી ગણેશોત્સવમાં દર્શન, ભક્તિ, સાર્થક થાય. ચીલા ચાલુ ઢબ અને અણસમજ છોડી જીવનમાં સાચી રીતે કશુંક પ્રાપ્ત કરવાના અવસરને ઓળખો. સામુહિક આનંદ સાથે માનવતા, એકતા, ભેદભાવને સ્મરણમાં રાખી જીવન ધન્યતા અનુભવો.. એક પ્રશ્ન થાય કે ગણપતિ મનોહર અને સુંદર પૂજા કરેલી મૂર્તિનું વિસર્જન કેમ ? આ બાબત શાસ્ત્રમાં એક શ્રી ગણેશ ઉવાચ છે. હું છું અને તમારે ત્યાં સાકાર રૂપે મૂર્તિ સ્વરૂપ આવ્યો છું. ૧૦-૧૦ દિવ સુધી તમે જે પ્રેમ મારામાં રાખ્યો, તે પ્રેમ માત્ર મૂર્તિમાં જ નહિ રાખતા, હું કણે કણમાં છું, સાકારને નિરાકારમાં જોવાનું ધ્યાન રાખો, આદત કેળવો એવી ભાવનાનો વિકાસ કરો. તમે મને વિરાટમાં જુઓ, આકારને અનંતમાં સમાવી દેવાય છે તેથી વિસર્જન કરવું જરૂરી છે. વળી મારી ઉત્પત્તિ , સ્થિતિ અને લય જળ છે. તેથી પાણીમાં વિસર્જન કરાય.! આ શાસ્ત્રોક્ત વાત છે. ઉત્સવ પર્વમાં આસ્થા શ્રધ્ધા દ્રઢ હોય તો જ ભક્તિ સાર્થક થઈને ફળે છે . અને મનોવાંચ્છિત ફળ મળે છે. દેહમાં નવી ઉર્જા, ચેતના જાગે છે તેથી જ જીવનમાં ધર્મને મહત્વનું અને મોખરાનું સ્થાન અપાયું છે.

– જીતેન્દ્ર પાઠ

# જૂનાગઢમાં તહેવારો દરમ્યાન પોલીસ તંત્રની સુંદર કામગીરી સબબ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતી દ્વારા સન્માન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

સામાન્ય રીતે કોઈપણ તહેવાર, જાહેર રેલી, આંદોલન, તોફાનો, જાહેર મેળાવડા હોય ત્યારે પોલીસ તંત્ર ખડે પગે હોય છે. તેઓ તહેવાર પણ સામાન્ય રીતે પોતાના પરિવાર સાથે મનાવી શકતા હોતા નથી છતાં પોતાની ફરજ દરમ્યાન કોઈપણ કારણોસર નાની એવી શરત ચુક થતા પોલીસ તંત્ર ઉપર માછલા ધોવાતા હોય છે ત્યારે તાજેતરમાં મહોરમ, સાતમ-આઠમના તહેવારો શાંતિમય રીતે પૂર્ણ થતાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢ દ્વારા પરંપરાગત રીતે તહેવારો દરમ્યાન સામાજિક અગ્રણીઓ સાથે સંકલન કરી સુંદર રીતે કામગીરી બજાવતા સમિતિ દ્વારા નાયબ પોલિસ અધિક્ષક પ્રદિપ સિંહ જાડેજા, એ ડિવિઝન પી.આઈ. એમ.એમ. વાઢેર, બી ડિવિઝન પી.આઈ. વિરલ શાહ, સી ડીવીઝન પી.એસ.આઈ. ગઢવી, એન.આર. વસાવા, એન.વી. આંબલિયા, શ્રી દત્તા ઉપરાંત સુખનાથ પોલીસ ચોકીના પી.એસ.આઈ. રાજભા ચુડાસમા, પોલીસ જમાદાર માલદેભાઈ માડમ, સમીરભાઈ રાઠોડ, મુકેશભાઈ, આઈ.બી. પોલીસ સહિતના અધિકારી, કર્મચારીનું પુષ્પગુચ્છ તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. આ તકે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના બટૂકભાઈ મકવાણા, મુન્નાબાપુ દાતારવાળા, વ્હાબભાઈ કુરેશી, જીશાન હાલેપૌત્રા એડવોકેટ, અશ્વિનભાઈ મણિયાર નોટરી, સમીરબાપુ કાદરી, રમેશભાઈ કાલરીયા, કે.ડી. સગારકા, સમજૂભાઈ સોલંકી, હાજીભાઈ ઠેબા, ઈબ્રાહીમભાઈ સમા, કાળુભાઈ કડીવાર, મયુરખાન પઠાણ, મનોજભાઈ ભટ્ટ, રમેશભાઈ વાજા, કાસમભાઈ જુણેજા, હનીફખાન પઠાણ, હરેશભાઈ બાટવીયા, સોહેલ સિદીકી સહિતના હાજર રહેલ હતા.

# જૂનાગઢમાં આજે જૂની પેન્શન યોજનાને લઈ ૨,૦૦૦ કર્મચારીઓની રેલી યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં આજે ૨,૦૦૦થી વધુ કર્મીઓએ જૂની પેન્શન યોજનાના મુદ્દે રેલી કાઢી જિલ્લા કલેકટરને આવેદન આપ્યું હતું. સાથે જો આ મામલે સત્વરે ઉકેલ નહિ આવે તો આગામી સમયમાં વધુ કાર્યક્રમો આપવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અંગે રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાન્તના ઉપાધ્યક્ષ જીતુભાઈ ખુમાણે જણાવ્યું હતું કે, કર્મચારીઓની જૂની પેન્શન યોજના લાગુ કરવાની તેમજ અન્ય પડતર પ્રશ્નોના ઉકેલ લાવવાની માંગ છે. આ માંગને લઈને અગાઉ અનેક વખત રજૂઆત કરાઈ છે પરંતુ કોઈ નિરાકરણ ન આવતા આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે. ખાસ કરીને જૂની પેન્શન યોજના બંધ કરતા લાખ્ખો કર્મીઓને આર્થિક નુકશાની થઈ રહી છે. ત્યારે તમામ સરકારી કર્મચારીઓના હિતમાં રાષ્ટ્રિય શૈક્ષિક મહાસંઘ અને સંયુક્ત મોરચા દ્વારા ૩ સપ્ટેમ્બરના બપોરના ૨ વાગ્યે ૨,૦૦૦થી વધુ કર્મીઓની રેલીનું આયોજન કરાયું હતું. આ રેલી કાઢી જિલ્લા કલેકટરને આવેદન આપી જૂની પેન્શન યોજના ચાલુ કરવા તેમજ પડતર પ્રશ્નોના ઉકેલ લાવવા સરકાર સમક્ષ માંગ કરાઈ હતી. જો સરકાર દ્વારા શિક્ષકો તેમજ અન્ય કર્મચારીઓની માંગણીઓ સંતોષવામાં નહિ આવે તો આગામી સમયમાં વધુ આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવશે. અગાઉ અનેક રજૂઆતો છત્તાં કોઈ નિર્ણય સરકાર દ્વારા લેવામાં ન આવતા હવે ત્રીજા તબક્કાના આંદોલનનો પ્રારંભ કરાયો છે. જયાં સુધી યોગ્ય નિર્ણય કરવામાં નહિ આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. આમ, વિધાનસભાની ચૂંટણી પહેલા જ કર્મચારીઓએ નગારે ઘા મારવાની તૈયારી કરી લીધી હોવાનું જાણવા મળી રહ્યું છે.

**જૂની પેન્શન યોજના શું છે ?**

સરકાર દ્વારા જૂની પેન્શન યોજના બંધ કરી નવી પેન્શન યોજના લાગુ કરાઈ છે. જૂની પેન્શન યોજનામાં કર્મચારીના પગારના ૪૫થી ૫૦ટકા રકમનું પેન્શન મળતું હતું. માની લો કે ૫૦,૦૦૦ પગાર હોય તો તેના ૪૫ થી ૫૦ ટકા(૨૨,૫૦૦થી ૨૫,૦૦૦) રકમ પેન્શન તરીકે મળતી હતી. આ જૂની પેન્શન યોજના સરકારે બંધ કરી નવી લાગુ કરી છે જેમાં મામુલી ૩,૦૦૦થી ૪,૦૦૦નું જ પેન્શન મળવા પાત્ર થશે. ત્યારે કાળઝાળ મોંઘવારીમાં આ નજીવી રકમના પેન્શનમાં પરિવારનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ બનનાર હોય જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ કરાઈ રહી છે.

**અનેક સંગઠનો જોડાશે**

જૂની પેન્શન યોજના લાગુ કરવાની લડતમાં શિક્ષકોની સાથે અન્ય સંગઠનો, યુનિવર્સિટીના પ્રોફેસરો સહિત અનેક યુનિયનો પણ જોડાશે. જૂનાગઢ જિલ્લામાં ૧૦થી ૧૨,૦૦૦ કર્મીઓને માંગ છે કે જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવામાં આવે.

**આગામી આ કાર્યક્રમો રહેશે**

આજે રેલી કાઢી આવેદન અપાયા બાદ યોગ્ય નિરાકરણ નહિ આવે તો તબક્કાવાર આંદોલનાત્મક કાર્યક્રમો કરવામાં આવશે. ૧૧ સપ્ટેમ્બરે ઝોન કક્ષાએ રેલી કાઢી કલેકટરને આવેદન અપાશે, ૧૭ સપ્ટેમ્બરે તમામ શિક્ષકો અને સરકારી કર્મચારીઓ માસ સીએલ ઉપર ઉતરી જશે, ૨૨ સપ્ટેમ્બરે તમામ કર્મચારીઓ પેનડાઉન કરશે અને ૩૦ સપ્ટેમ્બરથી અચોક્કસમુદતની હડતાળ ઉપર ઉતરી જશે.

# ગીર-સોમનાથમાં કેન્દ્રીય મંત્રી પિયૂષ ગોયલની અધ્યક્ષતામાં ફિશ એક્સપોર્ટર તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૩

ભારત સરકારના કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, કન્ઝ્યૂમર અફેર્સ, ફૂડ એન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યૂશન એન્ડ ટેકસટાઈલ મંત્રી પિયૂષભાઈ ગોયલની પ્રેરક ઉપસ્થિતિમાં ફિશ એકસપોર્ટર સાથે બેઠક યોજાઈ હતી. તેમજ મંત્રીએ વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. ફિશ એક્સપોર્ટર્સે મંત્રી સાથે વિદેશમાં ડ્યૂટી કન્સેશન, માછીમારીના એકસપોર્ટેશનમાં પડતી મુશ્કેલીઓ, રજીસ્ટ્રેશન, વિવિધ દરિયાઈ ઉત્પાદનો તેમજ માછીમારી સંદર્ભે પણ ચર્ચાઓ કરી હતી. જેના સંદર્ભમાં મંત્રીએ કહ્યું હતું કે, આ ક્ષેત્ર એવું છે જે અનેક શક્યતાઓથી ભરેલું છે. હાલ ભારત અને કોરિયા સાથે વાતચીત ચાલુ છે અને શક્ય એટલી ફિશરિઝની તમામ વસ્તુઓનો સમાવેશ કરવા અંગે વાતચીત ચાલી રહી છે ઉપરાંત આસિયાન સંગઠિત દેશ સાથે પણ રિનેગોશિએશન વિષે વાત ચાલે છે. મંત્રીએ ફિશિંગમાં પડતી મુશ્કેલીઓ અંગે ઉમેર્યુ હતું કે, ફિશિંગ ઉદ્યોગની બાબતમાં જે દેશ ભારત સાથે સારી રીતે વર્તણૂંક કરશે ભારત તેની સાથે સારી વર્તણૂંક રાખશે અન્યથા ખોટી રીતે ઉદ્યોગની નીતિઓને પ્રતાડિત કરવા ઉપર જડબાતોડ જવાબ મળશે. ઉપરાંત તેમણે એ પણ ઉમેર્યુ હતું કે, ભારત દેશનો માછીમારી ઉદ્યોગ સદીઓ જૂનો છે. જેનો ભારતની આર્થિક ઈકોનોમીમાં પણ મોટો ફાળો રહ્યો છે. સરકાર આ ઉદ્યોગના વિકાસમાં આવતી તમામ અડચણો દૂર કરવા માટે કટિબદ્ધ છે. આ કાર્યક્રમ બાદ મંત્રીએ ભાલકા ખાતે ઉજ્જવલા યોજના, મનરેગા યોજના, માતૃશકિત યોજના, વિધવા સહાય, મા અન્નપૂર્ણા યોજના, વાજપેઈ બેંકેબલ યોજના, દત્તોપંત ઠેગડી કારીગર વ્યાજ સહાય યોજના, જેવી કેન્દ્ર અને રાજ્ય સરકારની અલગ-અલગ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. આ તકે મંત્રીએ કહ્યું હતું કે, વિકાસની મુખ્ય ધારામાં વધુ લોકોને જોડી શકાય તે માટે આ સંવાદ સાધવામાં આવે છે. સરકાર સતત લોકોપયોગી કાર્ય કરવામાં કાર્યરત છે. વધુમાં તેમણે 'સૌનો સાથ સૌનો વિકાસ' સૂત્રને સાર્થક કરી સરકારની તમામ લાભદાયક યોજનાઓની જાણકારી વધુમાં વધુ લોકો સુધી પહોંચે એવી અપીલ પણ કરી હતી. આ પહેલા મંત્રીએ સોમનાથ મહાદેવને શીશ ઝૂકાવ્યું હતું તેમજ ધ્વજારોપણ કર્યુ હતું અને સરદારને પુષ્પાંજલી અર્પણ કરી હતી. જે પછી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કાજલી ખાતે વેપારીઓ અને ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. મંત્રીની જિલ્લા મુલાકાત દરમ્યાન પ્રદેશ ભાજપ સંગઠન મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, પૂર્વ મંત્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, પૂર્વ બીજ નીગમ ચેરમેન રાજશીભાઈ જોટવા, જિલ્લા પંચાયત પ્રમુખ રામીબહેન વાજા, વેરાવળ નગરપાલિકા પ્રમુખ પિયૂષભાઈ ફોફંડી, જિલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલ, જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ શહેરમાં કથળતી ટ્રાફિક સમસ્યા હલ કરવા અને બાઈક ચોરીના ગુના અટકાવવા પોલીસનું ફુટ પેટ્રોલીંગ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૩

કેશોદ શહેરમાં પાર્કિંગના અભાવે શહેરભરમાં ટ્રાફિક સમસ્યાથી વાહનચાલકો રાહદારીઓ વેપારીઓ સહીત તંત્ર પણ પરેશાની ભોગવી રહ્યું છે. વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન ઉદભવે છે છતાં સંપૂર્ણ ટ્રાફિક સમસ્યા હલ કરવામાં પોલીસતંત્રને સફળતા મળી નથી. થોડા વર્ષો અગાઉ કેશોદ પોલીસ દ્વારા ટ્રાફિક સમસ્યા હલ કરવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં પોલીસ તંત્રને સફળતા પણ મળી હતી. વેપારીઓ દ્વારા દુકાનોની બહાર ટ્રાફિકને થતા અડચણરૂપ માલ સામાન દુકાન બહાર રાખવા તથા દુકાનોની છત ઉપર રોડ ઉપર આવતા અડચણરૂપ પતરાઓ, હોલ્ડિંગ બોર્ડ, બેનરો, દુકાનો બહારના ઓટાઓ દુર કરાવવામાં આવ્યા હતા ત્યારે થોડા દિવસના વિરોધ બાદ વેપારીઓએ પણ પોલીસ તંત્રને સાથ સહકાર આપી પોલીસ તંત્રની કામગીરીને બિરદાવી હતી અને આડેધડ વાહન પાર્કિંગ કરનારા વાહનચાલકો પાસેથી દંડ વસુલી આડેધડ વાહન પાર્કિંગ કરનારા વાહનચાલકોને કાયદાનું પાલન કરવા મજબુર કર્યા હતા. જે પોલીસ તંત્રની કામગીરીને વર્ષો પછી પણ લોકો આજે પણ યાદ કરી રહ્યા છે. ત્યાર બાદ ફરીથી જૈસે થે જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ટ્રાફિક સમસ્યા ઉદભવે છે ત્યારે કેશોદ પોલીસ દ્વારા તાજેતરમાં પોલીસના મોટા કાફલા સાથે કેશોદના વિવિધ માર્ગો ઉપર પગપાળા નીકળતા લોકોમાં આશ્ચર્ય થયું હતું કે, આટલો બધો પોલીસ સ્ટાફ એકસાથે રોડ ઉપર પગપાળા જાય છે. પોલીસ સ્ટાફ દ્વારા ટ્રાફિક સમસ્યા હલ કરવા દુકાનો આજુબાજુમાં પાર્ક થતા વાહનોમાં ચાવી હોય તેવા વાહનોની ચાવી કાઢી લેવામાં આવી હતી અને વેપારીઓને સુચના આપવામાં આવી હતી. આડેધડ વાહનો પાર્ક ન કરવા ગ્રાહકોને જાણ કરવી તેમજ જે વાહનચાલકો બાઈકમાં જ ચાવી રાખીને ખરીદી કરવા જાય છે તેવા વાહનચાલકોને વાહન ચોરી ગુના અટકાવવા લોકોને જાગૃત કરવા પોલીસ દ્વારા ફુટપેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા ફુડ પેટ્રોલીંગ યોજવામાં આવતા બે વાત સાબિત કરે છે કે, કેશોદમાં ટ્રાફિક સમસ્યા પ્રશ્ન છે અને બીજુ કે બાઈક ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા યોજાયેલ ફુટ પેટ્રોલીંગથી ટ્રાફિક સમસ્યા હલ થશે ? બાઈક ચોરી ગુના બનતા અટકશે? લોકોમાં જાગૃતિ આવશે ? કે કેમ તે જોવાનું રહ્યું પણ હાલ પોલીસ દ્વારા ટ્રાફિક સમસ્યા હલ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે વેપારીઓ વાહનચાલકો પોલીસ તંત્રને સાથ સહકાર આપશે કે પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા કાયદાકીય કાર્યવાહી હાથ ધરશે તે આવનારો સમય જ બતાવશે તાજેતરમાં પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.


# જૂનાગઢમાંથી ૨૭૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ સાથે એક ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીનાં આધારે કાળવા ચોક, પુલ નજીકથી ટાટા કંપનીની ગાડીમાંથી દારૂની હેરાફેરી અંગે ૨૨૮ પેટી મળી ૨૭૩૬ બોટલ દારૂ સહિતનો કુલ મુદ્દામાલ રૂા. ૧૫,૯૯,૪૦૦નો ઝડપી લીધો છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસમાં હેડ કોન્સ્ટેબલ ભનુભાઈ કારાભાઈએ ઈશ્વર ઉર્ફે ભીખો સામતભાઈ ચુડાસમા રહે. ગિરનાર દરવાજા તથા નહી પકડાયેલા સુનીલ લાખાભાઈ ભારાઈ રહે. ગિરનાર દરવાજા વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આરોપીઓએ ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની અલગ-અલગ બ્રાંડની પેટી નંગ ૨૨૮ બોટલો નંગ ૨૭૩૬ કિંમત રૂા.૧૦,૯૪,૪૦૦નો મુદ્દામાલ તથા વિવો કંપનીનો એન્ડ્રોઈન્ડ ટચ સ્ક્રીન મોબાઈલ ફોન નંગ ૧ રૂા.૫૦૦૦ તથા ટાટા કંપનીની ૪૦૭ મોડલની ગાડી રજીસ્ટ્રર નં. જીજે-૧૪-ઝેડ-૧૨૯૯ કિંમત રૂા.૫૦૦૦૦નાં મુદ્દામાલ સાથે મળી કુલ રૂા.૧૫,૯૯,૪૦૦ની કિંમતનાં મુદ્દામાલ સાથે આરોપી નં.૧ પકડાય જઈ અને આરોપી નં.૨ હાજર નહી મળી આવી બંને આરોપીઓએ એકબીજાને મદદગારી કરી અને દારૂની હેરાફેરી કરતા તેનાં વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# દ્વારકામાં આપની જાહેરસભા : ભાજપ-કોંગ્રેસની નીતિ-રીતિ ઉપર આકરા પ્રહારો, સંભવિત વિકાસ યોજનાઓની જાહેરાત



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૩


પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે આમ આદમી પાર્ટીનાં નેતા અરવિંદ કેજરીવાલ પધારેલા અને દ્વારકાધીશનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે આમ આદમી પાર્ટી દ્વારા જગત મંદિરમાં નૂતન ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. શહેરનાં એનડીએચ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા યોજાયેલ જાહેર સભામાં રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મંચ ઉપરથી ગુજરાતની જનતા માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારી જેવા મુદ્દાઓ તેમજ ખેડૂતો માટે વિશેષ ગેરંટીઓની જાહેરાત કરી હતી. અરવિંદ કેજરીવાલની સભા માટે મોટો સમીયાણો ઉભો કરવામાં આવેલ. જયાં સવારથી જ મોટી સંખ્યામાં જનતા તેમને સાંભળવા ઉમટી પડેલ હતી. કેજરીવાલે સભાને સંબોધતાં જણાવેલ કે અમે દસ લાખ સરકારી નોકરીઓની તકો ઉભી કરીશું, દર મહીનો ૩૦૦ યુનીટ વિજળી ફ્રી, બેરોજગારોને મહિને ત્રણ હજાર ભથ્થુ, ૧૮ વર્ષથી ઉપરની મહિલાઓનાં ખાતામાં એક હજાર રૂપિયા જમા કરાવીશું, સરકારી શાળાઓ તથા હોસ્પીટલની સ્થિતિમાં સુધારો લાવવામાં આવશે તેમજ ગુજરાતમાં આપની સરકાર બનશે તો સરકાર બન્યા પછી ત્રણ મહિના બાદ લાઈટ બીલ શુન્ય આવશે વગેરે આકર્ષક જાહેરાતો સાથે વિકાસ યોજનાઓ જણાવેલ હતી. આ પ્રસંગે આમ આદમી પાર્ટીનાં ગુજરાત રાજયનાં દિગ્ગજો પણ સાથે રહેલા અને ઓખા મંડળની બહોળી જનમેદની ઉમટી પડેલ હતી.

# પાંચમી સપ્ટેમ્બરે શા માટે ઉજવાય છે શિક્ષક દિન ?

શિક્ષણ એક પ્રકારનો પારસ્પરિક પ્રભાવ છે જેનો હેતુ બીજી વ્યક્તિઓમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનો છે અને આ પરિવર્તન શિક્ષક જ લાવી શકે છે. શિક્ષક બાળકોમાં શિક્ષણ સંબંધી યોગ્યતાઓનો વિકાસ કરે છે. શિક્ષકોના શ્રેષ્ઠ કાર્યને બિરદાવવાનો શ્રેષ્ઠ દિવસ એટલે પાંચમી સપ્ટેમ્બર. સમગ્ર ભારત દેશમાં પાંચમી સપ્ટેમ્બરને ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તેમનો જન્મ ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરૂત્તાની ગામમાં થયો હતો. તેમની માતૃભાષા તેલુગુ હતી. તેમને તેમના સેવાકાર્ય માટે કેટલાક બ્રિટિશ અને ભારતીય ઈલ્કાબોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૫૪માં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ૧૯૭૫માં ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા ટેમ્પલટન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ તેજસ્વી વિદ્યાર્થી હોવાથી સમગ્ર શૈક્ષણિક જીવન દરમ્યાન સ્કોલરશીપ પ્રાપ્ત થઈ હતી. તત્વજ્ઞાનમાં તેમણે સ્નાતક કર્યું અને એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. તેમણે યુનિવર્સિટી ઓફ કલકત્તા, યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ અને યુનિવર્સિટી ઓફ મૈસુરમાં શિક્ષક તરીકે પોતાની ફરજ બજાવી હતી. તેઓ આંધ્રા યુનિવર્સિટી અને બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર તરીકે પણ રહી ચૂક્યા છે. તેઓ આપણા દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને સ્વતંત્ર ભારતના બીજા રાષ્ટ્રપતિ હતા. વિદ્યાર્થીઓના જીવનનું સાચું ઘડતર શિક્ષક દ્વારા જ થાય છે. કેળવણીના આદર્શોને મૂર્ત સ્વરૂપ આપવાનું કાર્ય અંતે તો શિક્ષક દ્વારા જ શક્ય બને છે. સમાજમાં પરિવર્તન શિક્ષણ દ્વારા જ લાવી શકાય છે. કોઈપણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં શિક્ષણનો ફાળો હોય છે શિક્ષણ સાથે શિક્ષકની ભૂમિકા દેશના ભાવિ નાગરિકોનું ઘડતર કરે છે. રાષ્ટ્રના ભાવિ વિકાસનો આધાર વિદ્યાર્થીઓના ઘડતર ઉપર આધારિત છે. આજની બાળ પેઢીના વિકાસનો મહત્વનો તબક્કો શાળા છે અને તેનું હાર્દ શિક્ષક છે. ડો. રાધાકૃષ્ણના મતે બાળક દેશની સંપત્તિ છે અને તેમની શક્તિઓને યોગ્ય માર્ગે વાળીને આપણે સમગ્ર સમાજના શારીરિક અને માનસિક આરોગ્યને સુધારી શકીએ છીએ. બાળકોની સુષુપ્ત શકિતઓને જાગ્રત કરીને ઈચ્છિત દિશામાં વિકસાવવા માટે શિક્ષક અને શાળાની જરૂર રહે છે. કોઈ પણ દેશનો સાંસ્કૃતિક ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે, શિક્ષક રાષ્ટ્રનો ઘડવૈયો છે કારણ કે શિક્ષકનો વ્યવસાય પરિવર્તન પામતા સમાજના ભાવિ પડકારો સાથે સંકળાયેલો છે. શિક્ષકને વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા માટે પૂરતો સમય આપવો જોઈએ. શિક્ષકને માત્ર વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસલક્ષી પ્રવૃત્તિની જવાબદારી સોંપવી જોઈએ. નાગરિકમાં શિક્ષણના ઊંચા પ્રમાણથી રાષ્ટ્રની લોકશાહી સફળ બની શકે છે. દરેક વિદ્યાર્થીને કોઈને કોઈ શિક્ષક પ્રિય હોય છે શિક્ષક વિદ્યાર્થીઓને ખૂબ જ સાહજિક અને સરળ પદ્ધતિથી ભણાવે છે. ભણાવવાની સાથે તેઓ વિદ્યાર્થીઓમાં સારી ટેવનો વિકાસ પણ કરે છે. શિક્ષક એ જીવનના સ્તંભ હોય છે. આજનો દિવસ દરેક વ્યક્તિ માટે પોતાના પ્રિય શિક્ષકનો આભાર વ્યકત કરવાનો છે.

**- ડો. પંકજકુમાર એમ. મુછડીયા**

# ઓખા : ખોડીયાર માતાજીનાં મંદિરે ગણેશજીની સ્થાપના



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૩

ઓખા ખાતે જુના ખોડીયાર મંદિર ગ્રુપ દ્વારા ગણપતિની સ્થાપના કરવામાં આવેલ છે. ઓખાના દરિયા કિનારે આવેલું અતિ પૌરાણિક ખોડીયાર માતાનું મંદિર આવેલ છે. જ્યાં છેલ્લા ૭ વર્ષથી ખોડીયાર મંદિરના ચોકમાં ગણેશજીની સ્થાપના કરે છે.

# જૂનાગઢ : મુંડીયા સ્વામી બાપુની જન્મજયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩

શ્રી સોરઠીય શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ કુળમાં ડમરાળા ગામમાં જન્મ લઈ ગિરનારમાં તપ, સાધના અને સિદ્ધિ મેળવી સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતમાં ભ્રમણ કરી અનેક જગ્યાએ જગ્યાઓ ઉભી કરી ભુખ્યાને ભોજન આપી તૃપ્ત કરતા અન્નપૂર્ણા સિદ્ધ સંત એટલે પૂજ્ય મુંડીયા સ્વામીજીની જન્મજયંતી ઉજવાશે. પૂ. મુંડીયા સ્વામી મંદિર, મધુરમ સોસાયટી, જૂનાગઢ ખાતે તા.૫-૯-૨૨ને સોમવારે બપોરના ૩ કલાકે પૂ. બાપુનું પૂજન-અર્ચન, ૪ થી ૬ સત્યનારાયણ ભગવાનની કથા અને ૬ થી ૮ ભકિતસંગીત કાર્યક્રમ અને ત્યારબાદ ભોજન-પ્રસાદ યોજાશે તો દરેક અનુયાયીઓએ સહ પરિવાર સાથે પધારવા મુંડીયા સ્વામી ટ્રસ્ટે આમંત્રણ પાઠવેલ છે.

# જૂનાગઢનાં બિલ્ડર ધર્મેશ મીઠીયાને મળ્યો ઈન્ડીયન એકસેલન્સ એવોર્ડ

## તેઓએ શેર માર્કેટના એક્ષ્પર્ટ તરીકેનો પુરસ્કાર પણ મેળવ્યો છે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૩

સફળ ઉદ્યોગ સાહસિકો વનમેન આર્મી જેવા હોય છે. જે તમામ વિપરીત સંજોગોને મ્હાત કરીને આગળ વધે છે. જો કદાચ તેઓ નિષ્ફળ જાય તો પણ અટકતા નથી. અને આજ બાબત તેઓને બીજાથી જુદી પાડતી હોય છે. ફેઈમ ફાઈન્ડર્સ મીડીયાએ આવી હસ્તીઓને શોધી કાઢી છે. અને તાજેતરમાં જ વર્ચ્યુઅલ ઈવેન્ટમાં દેશનાં આવા ૨૦ટોચનાં ઉદ્યોગપતિઓનાં નામ આ વર્ષે જાહેર કર્યા છે. જેમાં જૂનાગઢનાં જાણીતા બિલ્ડર ધર્મેશભાઈ મીઠીયાનો પણ સમાવેશ થાય છે. ધર્મેશભાઈ મીઠીયા જૂનાગઢમાં માત્ર આર્થિક ટાયકૂન જ નહીં પણ એક અનુભવી વેપારી પણ છે. તે જૂનાગઢની ખ્યાતિ બિલ્ડર્સ પ્રા. લી.નાં ડાયરેકટર છે. ૧૭ વર્ષ પહેલાં સ્થપાયેલી આ કંપનીનું મુખ્ય કાર્ય બિલ્ડીંગ કન્સ્ટ્રકશનને લગતી તમામ સેવાઓ પુરી પાડવાનું છે. તેમને ઝીરોધાસ ટ્રેડીંગની પોર્ટલ માઈરીયાડ ટાઈમ્સ અને ઈન્ડીયન એકસેલન્સ એવોર્ડ એનાયત કરાયા છે. આ સાથે તેમણે સ્ટોક માર્કેટનાં એક્ષ્પર્ટ તરીકેનો રેડીયન્સ આઈકોનીક એવોર્ડ પણ અપાયો છે.

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 225, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# ગિરનાર અંબાજી માતાજી મંદિરનાં ક્ષેત્રમાં વિકાસની પ્રક્રિયા વેગવંતી બનાવવાની તાતી જરૂર

## અહીં આવનારા યાત્રાળુઓની સુવિધાઓમાં વધારો કરવા માટે ખાસ આયોજન હાથ ધરવામાં આવશે : કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ

(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા) જૂનાગઢ તા. ૩

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ આજે ગરવા ગિરનાર ક્ષેત્રમાં બિરાજતા જગતજનની માં અંબાજી મંદિરે દર્શન માટે આવતા તેઓનું મંદિર ટ્રસ્ટ તરફથી ભાવભર્યુ સ્વાગત કરી અને માતાજીની પ્રસાદીરૂપ ચુંદડી અને પ્રસાદ આપવામાં આવેલ આ તકે ઉપસ્થિત મહાનુભાવો તેમજ મંદિર ટ્રસ્ટ તરફથી યાત્રાળુઓની સુવિધાઓ માટેનાં વિવિધ પ્રશ્નોથી વાકેફ કરવામાં આવેલ હતાં. આ તકે મંત્રીશ્રીએ જેની નોંધ લઈ અને ગિરનાર વિકાસ ઝંખે છે તેવું જણાવ્યું હતું. એશિયાનો સૌથી મોટો ગિરનાર રોપ-વેનાં માધ્યમથી જયારે ભાવિકો, શ્રધ્ધાળુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહયો છે ત્યારે એક સારા પ્રવાસનધામ તરીકે તેને વિકસાવવા માટેની પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવશે તેઓ નિર્દેશ આપ્યો હતો.

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે બીરાજતા જગતજનની માં જગદમ્બાનાં દર્શને આજે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ રોપ-વેનાં માધ્યમથી આવી પહોંચ્યા હતાં. આ તકે તેઓની સાથે વિવિધ ક્ષેત્રનાં અગ્રણી, આગેવાનો, જૂનાગઢનાં સાંસદ રાજેશ ચુડાસમા,





મનપાનાં ડે. મેયર ગિરીશભાઈ કોટેચા, પ્રદિપભાઈ ખીમાણી, નિર્ભયભાઈ પુરોહીત, ઝવેરીભાઈ ઠકકરાર સહિતનાં વરીષ્ઠ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહયા હતાં. કેન્દ્રીય મંત્રીએ અંબાજી માતાજીનાં દર્શન સાથે ભાવવિભોર થઈ અને પ્રાર્થના કરી હતી અને ખુબ જ અભિભૂત થયા હતાં. આ તકે યાત્રાળુઓની સુવિધા માટે વિશેષ કામગીરી કરવાની જરૂર હોય તે બાબતે મંત્રીને વાકેફ કરતા તેઓએ આ બાબતની નોંધ લીધી છે અને ગિરનાર વિકાસ ઝંખે છે તે મુજબ તેઓએ પોતાની અંતરની લાગણી વ્યકત કરી જણાવ્યું હતું કે ગરવા ગીરનાર ક્ષેત્રમાં સાક્ષાત અંબાજી માતાજી બીરાજી રહયા છે અને આ ધાર્મિક સ્થળ હાલ પ્રવાસન ક્ષેત્રે અને ધાર્મિક દ્રષ્ટીએ પણ ખુબ જ મહત્વનું ધામ છે. કેન્દ્ર સરકાર દ્વારા ગિરનાર રોપ-વેની ભેટ પણ આપવામાં આવી છે ત્યારથી અહીં ભાવિકો-શ્રધ્ધાળુઓનો સતત ઘસારો રહે છે એવા આ પાવનકારી પવિત્ર જગ્યા કે ત્યાં યાત્રાળુઓને વધુને વધુ સુવિધા મળે તેમજ ગીરનારનાં આ ક્ષેત્રમાં વિકાસની વધુ કામગીરી વેગવંતી બને તે માટેનાં પ્રયાસો હાથ ધરવા જોઈએ તેવી લાગણી વ્યકત કરી છે અને આગામી દિવસોમાં સરકાર દ્વારા નકકર કાર્યવાહી કરવા માટેની હૈયાધારણા પણ આપી હતી. માતાજીનાં સન્મુખ અને તેમની કૃપાથી ગિરનારનાં આ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થાય તે માટે તેઓએ લાગણી વ્યકત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા આગામી નવરાત્રી દરમ્યાન ગુજરાતનાં અંબાજી માતાજી મંદિર, પાવાગઢ સહિતનાં વિવિધ શકિતપીઠો ઉપર નવરાત્રીનાં ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવેલ છે ત્યારે ઉદયનશકિતપીઠ ગણાતા ગિરનાર ખાતે બીરાજતાં અંબાજી માતાજીનાં મંદિર ખાતે પણ નવરાત્રી દરમ્યાન સરકારનાં માર્ગદર્શન હેઠળ વિશેષ કાર્યક્રમનું આયોજન થાય તેવી લાગણી ભાવિકોમાં જોવા મળે છે.


(તસ્વીર : વિજયત્રિવેદી)

# જૂનાગઢમાં ભાદરવે અષાઢી જેવો માહોલ : ગાજવીજ સાથે વરસાદ તુટી પડયો : ૧ ઇંચ વરસાદ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ગઈકાલે સવારથી જ ઉકળાટભર્યું અનો ભારે ગરમાગરમ વાતાવરણ રહ્યું હતું અને સાંજનાં સમયે અચાનક ગાજવીજ સાથે વરસાદ તુટી પડયો હતો. થોડા સમયમાં જ ૧ ઈંચથી વધારે પાણી પડી ગયું હતું અને રસ્તા ઉપર પાણી ફરી વળ્યા હતા. જૂનાગઢ શહેરમાં મેઘરાજાએ અચાનક પધરામણી કરી ૧ ઈંચ જેવું હેત વરસાવી દીધું હતું. પરિણામે શહેરના માર્ગો ઉપર પાણી દોડવા લાગ્યા હતા. શહેરમાં બપોર સુધી તો તડકો રહ્યો હતો. જ્યારે સાંજના ૬ વાગ્યાથી વરસાદી વાતાવરણ બન્યું હતું અને બાદમાં વરસાદ વરસવાનું શરૂ થયું હતું. ખાસ તો ભર ભાદરવે અષાઢી માહોલ જામ્યો હતો. આંખો અંજાઇ જાય તેવા વિજળીના ચમકારા અને કડાકા ભડાકા સાથે તુફાની પવનની સાથે મેઘરાજાએ ભારે જમાવટ કરી હતી. માત્ર થોડા સમયમાં જ ધુંઆધાર બેટીંગ કરીને મેઘરાજાએ ૧ ઈંચ જેવું હેત વરસાવી દીધું હતું. પરિણામે શહેરના અનેક માર્ગો ઉપર પાણી દોડવા લાગ્યા હતા. અચાનક મેઘરાજાની એન્ટ્રી થતા અનેક લોકો ઉંઘતા ઝડપાઈ ગયા હતા અને ના છૂટકે વરસાદમાં ભીંજાવું પડ્યું હતું. રેઈનકોટ વિના જ કામકાજ અર્થે બહાર નિકળેલા લોકોને વરસાદથી બચવા માટે દુકાનોના છાપરાનો સહારો લેવાની ફરજ પડી હતી. અંદાજે એકાદ કલાક સુધી મેઘરાજાની પધરામણી થતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. ખાસ કરીને ગણેશ મહોત્સવનું આયોજન કરનારાને ભારે વરસાદના કારણે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પંડાલોમાં પાણી ઘુંસી ગયા હતા જેને કાઢવાની તસ્દી ઉઠાવવી પડી હતી. અત્રે નોંધનીય છે કે, અક્ષરવાડી મંદિરથી સરદાર પટેલ પ્રતિમા સુધીનાં માર્ગ ઉપર ડામર મઢવાની કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ વરસાદને કારણે આ કામગીરીમાં થોડીક રૂકાવટ આવી છે. તેમ છતાં અક્ષરવાડીથી રાધાકૃષ્ણ સોસાયટી સુધી જે ડામર પાથરવામાં આવેલ છે તે યથાવત રહ્યો છે અને વરસાદ રહે એટલે ફરી પાછી ડામર પાથરવાની કામગીરી હાથ ધરાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.

## કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે અંબાજી માતાજીનાં દર્શનનો લીધો લાભ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૩

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ જૂનાગઢ જીલ્લાનાં પ્રવાસે છે તેમજ આજરોજ સવારથી જ વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહયા છે. આ ઉપરાંત ગિરનાર ઉપર બિરાજતા અંબાજી માતાજીનાં મંદિરે રોપ-વે મારફત દર્શન માટે ગયા હતાં જયાં તેમની સાથે પદાધિકારી, અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહયા હતાં. અંબાજી મંદિર ટ્રસ્ટ તરફથી કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલને માતાજીની ચુંદડી, પ્રસાદ આપી સન્માનીત કરાયા હતાં. તેમજ કેન્દ્રીય મંત્રીએ અંબાજી માતાજીનાં દર્શન કરી અને ધન્યતા અનુભવી હતી.

(તસ્વીર : વિજયત્રિવેદી)

# જૂનાગઢમાં ઉછીના લીધેલા પૈસા બાબતની બબાલ બાદ યુવતી ઉપર બળજબરીથી બળાત્કાર અને ઓરલ સેકસ અંગે ગુનો દાખલ : બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢતા.૩

જૂનાગઢ શહેરમાં ઉછીના રૂપિયા આપી દીધેલ હોવા છતાં ફરિયાદી યુવતીની ઘરે જઈ અને ફાવે તેમ રાડો પાડી તેમજ ભોગ બનનારને રૂપિયા આપી દેવાનું કહી ધમાલ કરતા આસપાસનાં પાડીશોઓ ભેગા થઈ જતા ફરિયાદી યુવતીએ બહાર જઈ વાત કરવાનું કહેતા ગાડીમાં લઈ જઈ અને એક મકાનમાં ભોગ બનનાર યુવતીને કપડા કાઢી, માર મારી અને તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી શરીર સંબંધ બાંધી, ઓરલ સેકસ કરી અને પ્રાઈવેટ પાર્ટમાં નખ વડે ઈજા કર્યાની ફરિયાદ જૂનાગઢનાં બે શખ્સો સામે નોંધાતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, વંથલી રોડ, મધુરમ વિસ્તાર, સાંઈબાબા મંદિરની બાજુમાં, એમ.કે.નગર ખાતે આવેલા એક મકાનમાં બનેલા આ બનાવ અંગે મધુરમ સાંઈબાબા મંદિરની બાજુમાં, એમ.કે.નગર ખાતે એક મકાનમાં રહેતી યુવતીએ કાનો જોષી રહે.ગિરનાર દરવાજા તથા હિંમાશુ રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ સી ડીવીઝનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપી નંબર ૧ કાના જોષી પાસેથી આ કામનાં ફરિયાદી/ભોગ બનનારએ થોડા સમય પહેલા ઉછીના રૂપિયા ૭,૦૦૦ લીધેલ હોય અને જે રૂપિયા આરોપીને આપી દીધેલ હોય આમ છતાં આ કામનાં આરોપી નંબર ૧ તથા આરોપી નંબર ૨ હિંમાશુ બંને ફરિયાદી/ભોગ બનનારનાં ઘરે ગ્રે કલરની ઈક્કો ગાડી લઈ દારૂ પીધેલ હાલતમાં જઈ અને ત્યાં રાડો પાડી ભોગ બનનારને પોતાનાં રૂપિયા આપી દેવાનું કહેતા આડોશ પાડોશનાં રહીશો ભેગા થતા આ બાબતે ફરિયાદી/ભોગ બનનારએ બહાર જઈ વાત કરવાનું કહેતા ફરિયાદી/ભોગ બનનાર બંને આરોપીની સાથે તેમની ઈક્કો ગાડીમાં બેસી જતા આરોપી નંબર (૨) ગાડી ચલાવતા હોય અને આરોપી નંબર ૧નાઓ ભોગ બનનારની સાથે બેસેલ હોય અને આરોપીઓએ ગાડી વંથલી તરફ ચલાવેલ અને ગીરીરાજ હોટલ પસાર થતા આરોપી નંબર ૧નો બર્થ ડે હોય જેથી ઈક્કો ગાડીમાં તેણે ભોગ બનનારને તેની મરજી વિરૂધ્ધ જબરજસ્તી દારૂ પીવડાવી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેનાં કપડા કાઢી તેને થપ્પડથી માર મારી વાળ પકડી ભોગ બનનારને નખથી શરીરે ઉજરડા કરી અને આરોપી નંબર ૧નાએ જબરજસ્તી પોતાનું ગુપ્તપાર્ટથી ભોગ બનનારનાં મોઢામાં આપી ઓરલ સેકસ કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ તેની સાથે બે વાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તેનો શરીરે બટકા ભરી તથા આરોપી નંબર રનાએ ભોગ બનનાર સાથે જબરજસ્તી શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી અને આ દરમ્યાન ભોગ બનનારનો પ્રાઈવેટ પાર્ટમાં નખની ઈજા કરી અને આ બાબતે ભોગ બનનારનો કાનુની કાર્યવાહી કરીશ તો બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા સી ડીવીઝન પોલીસો આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ જે.જે. ગઢવી ચલાવી રહ્યા છે.

## સોરઠ પંથકમાં ઠેર-ઠેર જુગાર દરોડા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

કેશોદ પોલીસે માણેકવાડા ગામ નજીકથી જાહેરમાં જુગાર રમતા ૧૧ શખ્સોને રૂા.૩૧,૬૫૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે અન્ય એક દરોડામાં મોવાણા ગામેથી ૭ શખ્સોને રૂા.૪૭,૯૦૦નાં મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લેવામાં આવેલ છે. વંથલી પોલીસે નાવલખી ગામની સીમમાંથી જાહેરમાં જુગાર રમતા ૭ને રૂા.૧,૨૨,૨૭૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે માણાવદર પોલીસ ભીંડોરા ગામેથી ૬ શખ્સોને રૂા.૮,૪૩૦ની રોકડ સાથે જુગાર રમતા ઝડપી લીધેલ છે. જયારે જૂનાગઢ તાલુકા પોલીસે ખામધ્રોળ રોડ, યમુનાનગર-૩, શેરી નં.૨માં જાહેરમાં જુગાર રમતા ૯ શખ્સોને રૂા.૫૦,૦૯૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમનાં વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં આરોપીને પકડવા જતા પોલીસની ફરજ ઉપર રૂકાવટ, ટોળા સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢતા.૩

જૂનાગઢ શહેરમાં આરોપીને પકડવા જતી પોલીસ ઉપર મુબારકબાગમાં ટોળાએ હુમલો કર્યાનો બનાવ પોલીસમાં નોંધાયેલ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, એસઓજીનાં પોલીસ કોન્સ્ટેબલ શૈલેન્દ્રસિંહ લખુભાઈએ ગોપાલ લાલજી દેવીપૂજક, ઈશ્વર ગોપાલાલજીનો દીકરો તેમજ હાજર નહી મળી આવેલ ગીતાબેન ગોપાલલાલજીની પત્ની, ગૌતમ ગોપાલલાલજીનો દીકરો, હરી ગોપાલ લાલજીનો દીકરો, અરવિંદ ગોપાલનો ભાઈ, પુરણ અરવિંદનો દીકરો તેમજ ૧૫ થી ૧૭ સ્ત્રી તથા પુરૂષોનાં ટોળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી તથા સાહેદો સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કલમ ૩૬૩, ૩૬૬નાં આરોપી જગુ રાઈમલ કામરીયાને શોધતા હોય તે દરમ્યાન જયશ્રી સીનેમાની પાસેની ગલીમાં હોવાની બાતમી મળતા ફરિયાદી તથા સાહેદો ત્યાં જઈ આજુબાજુનાં લોકો ઉમટી પડયા હતા અને અવાર-નવાર કેસો કરી પકડી જાવ છો તેમ કહી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

EST. 1992
Trans Globe
Global Education Specialists
Australia, UK, Canada, New Zealand, USA, Singapore & Europe
Apply for Upcoming Intakes | 2 Days Free IELTS / PTE Demo Available
Exptert Test Preparations :
IELTS / PTE / TOEFL
2 Years Post Study work visa Granted**
Saurashtra's Only Authorised, Direct & Preferred Education Consultancy
Directly dealing with Universities & Visa Office
Trans Globe, 214-216, Raijinagar Complex, Opp. Moti Palace Appartment, Junagadh.
Ph. : 0285 2675213 | M : 88663 28027, 94094 30348
Email : riddhi@transglobe-edu.com | Website : www.transglobeedu.com

# વંથલીમાં મોલનાં કર્મચારીઓ ઉપર પાઈપ વડે હુમલો કરી રૂા. ૨૦૪૦૦ની લૂંટ


## એક સહ કર્મચારીએ કુહાડી પકડી લેતાં તેને હાથમાં ઈજા થઈ : બે શખ્સ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢતા. ૩

વંથલીમાં રહેતો અને મોલમાં નોકરી કરતો યુવાન અને તેનો સહ કર્મચારી મોલ બંધ કરી જતા હતાં ત્યારે બાઈક ઉપર સવાર બે શખ્સોએ આવી પાઈપ વડે હુમલો કરી યુવાનનાં ખિસ્સામાંથી રૂા. ૨૦૪૦૦ લુંટી લીધા હતાં. અને કુહાડી મારવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં સહ કર્મચારીએ હાથ રાખતા તેને હાથમાં ઈજા થઈ હતી. આ અંગે બે શખ્સ સામે પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ વંથલીમાં વાલીજાપા વિસ્તારમાં રહેતો અને ક્રિષ્ના મોલમાં નોકરી કરતો આદિલ અબ્દુલભાઈ જેઠવા (ઉ.વ. ૩૧)ના શેઠનાં પત્નીની તબીયત સારી ન હોવાથી મોલનો વહીવટ પોતે કરે છે. આદિલ જેઠવા મોલમાં થયેલા વેપારનાં રૂા. ૨૦૪૦૦ કાળા કલરનાં ઝબલામાં લઈને સાથે નોકરી કરતા સુનિલ કેશુભાઈ પરમાર મોલ બંધ કરી ચાલીને ઘરે જતા હતાં ત્યારે રસ્તામાં પાછળથી મોહસીન કચરા અને અન્ય એક અજાણ્યો શખ્સ બાઈક ઉપર આવ્યા હતાં. અને આદિલ આડે બાઈક ઉભું રાખી તેને ગરદન અને પગનાં ભાગે પાઈપ મારી દીધો હતો. આદિલ નીચે પડી જતાં મોહસીને તેનાં ખિસ્સામાંથી વેપારનાં રૂા. ૨૦૪૦૦ લુંટી લીધા હતાં. અન્ય એક અજાણ્યા શખ્સે કુહાડી મારવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સુનિલ પરમારે પકડી લેતા તેને હાથમાં ઈજા થઈ હતી. બાદમાં આદિલ અને સુનિલ પોલીસ સ્ટેશન તરફ ભાગ્યા હતાં. અને અનવ શેઠને ફોન કર્યો હતો. બાદમાં સારવારમાં દાખલ થયો હતો. આ અંગે આદિલ જેઠવાએ મોહસીન કચરા અને અન્ય એક અજાણ્યા શખ્સ સામે ફરીયાદ કરતા વંથલી પોલીસો વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવથી શહેરમાં ચકચાર વ્યાપી ગઈ હતી.

ઝાંઝરડા તથા મધુરમ વિસ્તારમાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક મેળવવા માટે સંપર્ક



નિલેશ નથવાણી
(પત્રકાર)

આપના કોઈપણ બિઝનેસ તેમજ પ્રોડકટસના ધંધાકીય વિકાસ માટે વિશાળ પ્રસિધ્ધી ધરાવતા એકમાત્ર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકમાં જાહેરાત આપવા સંપર્ક કરો

દર્પણ એજન્સી
મહાલક્ષ્મી સ્ટ્રીટ - જૂનાગઢ.
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે થઇ જાઓ તૈયાર
નામ નોંધાવી મતદારયાદીમાં, બનો ગૌરવશાળી મતદાર
મતદારયાદી સુધારણા કાર્યક્રમ
૧૨ ઓગસ્ટ થી ૧૧ સપ્ટેમ્બર
આવી ગયો છે
ખાસ ઝુંબેશનો દિવસ
૦૪-૦૯-૨૦૨૨
રવિવાર
સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી
આપના મતદાન મથક પર
નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે ઓનલાઇન સુવિધા
વોટર હેલ્પલાઇન એપ
www.nvsp.in
મતદારયાદીમાં નામ નોંધણી અથવા ફેરફાર માટે ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો અથવા ખાસ ઝુંબેશના દિવસે આપના મતદાન મથકની મુલાકાત લઇને બી.એલ.ઓ.નો સંપર્ક કરો
જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ થતી હોય તો મતદારયાદીમાં નામ નોંધાવીને મતદાન કરી શકો છો.
જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની વિગતની ચકાસણી કરો.
યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.
એક કરતાં વધુ વખત મતદારયાદીમાં નામ નોંધાવવું તે લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ ની જોગવાઈ હેઠળ ગુનો બને છે.
વધુ માહિતી માટે (આપના વિસ્તારનો STD કોડ) ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો
(કચેરી સમય દરમિયાન)
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
હવે મતદારયાદીમાં આપનો આધાર નંબર લિંક કરાવો